RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 102, Dt.09-07-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# કઠુઆ હુમલો કાશ્મીર ટાઈગર્સે કરાવ્યો, પાક. કનેક્શન ખુલ્યું



## સૈન્ય કાફલા પર હુમલા કરનારા પાકિસ્તાનથી ઘુસ્યા હોવાનો ઘટસ્ફોટ: આ હુમલામાં પાંચ જવાનો શહીદ થયા: આતંકવાદીઓની શોધખોળ શરૂ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જમ્મુના કઠુઆમાં સેનાના વાહન પર હુમલો કરવાની ઘટનામાં કાશ્મીર ટાઈગર્સ સંગઠનનું નામ સામે આવ્યું છે. આ સંગઠને હુમલાની જવાબદારી સ્વિકારી છે. આ ઉપરાંત આ ઘટનામાં અત્યાર સુધીમાં કુલ પાંચ જવાનો શહિદ થયા છે. આ પહેલા એવી માહિતી સામે આવી હતી કે, ચાર જવાનો ઘાયલ થયા છે, જોકે મોડી સાંજે અહેવાલો મલ્યા છે કે, ચાર જવાનો શહીદ થયા છે. આ હુમલામાં પાંચ જવાનો ઘાયલ પણ થયા છે. હાલ સેના અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. આતંકીઓએ બિલાવરના ધડનોતા વિસ્તારમાં આજે (૮ જુલાઈ)એ સેનાના વાહન પર આતંકવાદીઓએ આડેધડ ફાયરિંગ કર્યું હતું. આતંકીઓએ સેનાના વાહન પર ગ્રેનેડ પણ ફેંક્યો હતો અને ત્યારબાદ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. આતંકવાદીઓએ મરાડ ગામ પાસે પહોંચેલા સેનાના વાહન પર હુમલો કર્યો હતો. હાલ સેના દ્વારા આ વિસ્તારને ઘેરી લેવાયો છે અને આતંકવાદીઓની શોધખોળ શરૂ કરી દીધી છે.

મળતા અહેવાલો મુજબ, જ્યારે આતંકવાદીઓએ હુમલો કર્યો, ત્યારે સેનાની ટીમ કઠુઆ જિલ્લાના મછેલી વિસ્તાર સ્થિત ધડનોતા ગામ પાસે રાબેતા મુજબ પેટ્રોલિંગ કરી રહી હતી. સેનાએ પણ જવાબી કાર્યવાહીમાં આખા વિસ્તારને ખેરી લઈ આતંકવાદીઓની શોધખોળ શરૂ કરી દીધી છે.

સંરક્ષણ અધિકારીઓએ કહ્યું કે, 'ભારતીય સેનાની ૯મી કોપર્સના વિસ્તારમાં કાફલા પર હુમલો કરવામાં આવ્યો છે. આતંકવાદીઓએ ફાયરિંગ કર્યા બાદ જવાનોએ પણ જડબાતોડ કાર્યવાહી કરી છે. આ સાથે ઘટના સ્થળે વધારાનો સુરક્ષા કાફલો પણ મોકલાયો છે. બીજીતરફ સૂત્રોના જણાવ્યા મુજબ ઘટનામાં બેથી ત્રણ આતંકવાદીઓનો હાથ હોવાનું સામે આવ્યું છે.

આ અગાઉ ૨૪ કલાક પહેલા જ જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લામાં સેનાએ બે અલગ-અલગ એન્કાઉન્ટરમાં છ આતંકીઓને ઠાર કર્યા હતા. શનિવારે શરૂ થયેલા એન્કાઉન્ટરમાં એક પેરા-ટ્રૂપર સહિત બે જવાન શહીદ થયા હતા, જ્યારે અન્ય એક જવાન ઘાયલ થયા હતા. પ્રથમ ઘટના મોદરગામ ગામમાં બની હતી, જ્યાં આતંકવાદીઓ હોવાની સૂચના મળ્યા બાદ સીઆરપીએફ, આર્મી અને સ્થાનિક પોલીસના સુરક્ષા દળોએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું.

# રશિયા તરફથી યુક્રેનમાં લડતા તમામ ભારતીય પાછા ફરશે: રશિયાની મુલાકાતે ગયેલાં મોદીની પહેલી કુટનીતિક સફળતા

## પુતિને મોદીની વાત સ્વીકારી: વડાપ્રધાને યુદ્ધ બંધ કરવા કરી અપીલ

**મુખ્ય સમાચાર, મોસ્કો**

વડાપ્રધાન મોદીની રશિયાની મુલાકાતના પહેલા જ દિવસે પરિણામો દેખાવા લાગ્યા છે. વાસ્તવમાં, રશિયાએ યુક્રેનમાં રશિયન સેના માટે લડી રહેલા તમામ ભારતીયોને રજા આપવા અને તેમના પરત ફરવાની સુવિધા આપવાનો નિર્ણય કર્યો છે. વડાપ્રધાન મોદીની મોસ્કો મુલાકાત દરમિયાન મળેલી આ મોટી સફળતા છે.





સૂત્રોએ જણાવ્યું કે સોમવારે જયારે પીએમ મોદી રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને એક ખાનગી રાત્રિભોજનમાં મળ્યા ત્યારે તેમણે આ મુદ્દો ઉઠાવ્યો હતો. રાષ્ટ્રપતિ પુતિન પણ આ માટે સંમત થયા હતા અને આ રીતે રશિયન સેનામાં ફસાયેલા ભારતીય યુવાનોની વાપસી સુનિશ્ચિત થશે

હકીકતમાં, ઘણા ભારતીય યુવાનો સારી નોકરીની લાલચમાં રશિયન સેનામાં ફસાઈ ગયા અને યુક્રેનના આ યુદ્ધમાં રશિયા વતી લડી રહ્યા છે. તે ભારતીયોની દુર્દશા નવી દિલ્હી માટે ખૂબ જ ચિંતાનો વિષય છે અને ભારતીય વિદેશ મંત્રાલય પણ રશિયા સમક્ષ આ મુદ્દો સતત ઉઠાવી રહ્યું છે. જો કે, હવે પીએમ મોદીની રશિયાની મુલાકાતે આ મુશ્કેલ કાર્ય પૂર્ણ કરી દીધું છે અને હવે આ તમામ ભારતીયો ટૂંક સમયમાં સ્વદેશ પરત ફરી શકશે અને રાહતનો શ્વાસ લઈ શકશે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે બે દિવસની મુલાકાતે મોસ્કો પહોંચ્યા ત્યારે રશિયાએ તેમના સ્વાગત માટે રેડ કાર્પેટ પાથરી હતી. પીએમ મોદી અને રશિયન રાષ્ટ્રપતિ મંગળવારે દ્વિપક્ષીય સંમેલન કરશે. આ પહેલા રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પીએમ મોદી સાથે સત્તાવાર નિવાસ નોવો-ઓગાર્યોવા પર વ્યક્તિગત મુલાકાત કરી હતી. શિખર સંમેલન પહેલા ખાનગી બેઠક બંને નેતાઓ માટે તેમના દેશોના લાંબા ગાળાના સંબંધોને પુનઃપુષ્ટ કરવાની તક હતી. દરમિયાન, વધુ એક સારા સમાચાર આવ્યા છે કે રશિયાએ યુક્રેનમાં લડી રહેલા તમામ ભારતીયોને મુક્ત કરવાનો અને તેમના પરત આવવાની વ્યવસ્થા કરવાનો નિર્ણય લીધો છે.

# વડાપ્રધાન મોદીએ તેમનું આખુ જીવન લોકોની સેવા માટે સમર્પિત કર્યું: પુતિન

## નરેન્દ્ર મોદીએ રશિયન રાષ્ટ્રપતિ સમક્ષ પોતાનો એજન્ડા જાહેર કર્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને 'વ્યક્તિગત મીટિંગ'ના ભાગરૂપે સોમવારે રાત્રે વડા પ્રધાન મોદીનું તેમના સત્તાવાર નિવાસસ્થાન 'નોવા-ઓગાર્યોવો' ખાતે સ્વાગત કર્યું. આ દરમિયાન તેમણે દેશની પ્રગતિ માટે કરેલા કામ માટે મોદીના વખાણ કર્યા હતા. સરકારી સમાચાર એજન્સી 'તાસ'ના અહેવાલ અનુસાર, નિવાસસ્થાન પર એક અનૌપચારિક બેઠક દરમિયાન પુતિને મોદીને કહ્યું, હું તમને ફરીથી વડા પ્રધાન તરીકે ચૂંટાવા પર અભિનંદન આપવા માંગુ છું. મને લાગે છે કે આ કોઈ સંયોગ નથી, પરંતુ તમારા ઘણા વર્ષોના કાર્યનું પરિણામ છે. રશિયન રાષ્ટ્રપતિએ કહ્યું, તમારી પાસે તમારા પોતાના વિચારો છે. તમે ખૂબ જ મહેનતુ વ્યક્તિ છો, જે ભારત અને ભારતીય લોકોના હિતમાં પરિણામ પ્રાપ્ત કરવામાં સક્ષમ છે.



પુતિને કહ્યું કે વડાપ્રધાન મોદીએ તેમનું આખું જીવન તેમના લોકોની સેવા માટે સમર્પિત કર્યું છે અને લોકો તેને અનુભવી શકે છે. મોસ્કોની બહાર સત્તાવાર નિવાસસ્થાન પર ચા પર બંને રાષ્ટ્રના વડાઓ વચ્ચે અનૌપચારિક બેઠક દરમિયાન મોદીએ તેમના દેશમાં તાજેતરની ચૂંટણીઓને યાદ કરી અને કહ્યું કે ભારતના લોકોએ તેમને માતળભૂમિની સેવા કરવાની તક આપી છે. આના પર પુતિને કહ્યું, તમે તમારું આખું જીવન ભારતીય લોકોની સેવા માટે સમર્પિત કર્યું છે અને તેઓ તેને અનુભવી શકે છે.

તાસના અહેવાલ મુજબ, વડાપ્રધાન મોદીએ હસતા હસતા કહ્યું, તમે સાચા છો, મારું એક જ લક્ષ્ય છે પ્ર મારો દેશ અને તેની જનતા. 'X' પર એક પોસ્ટમાં, વડા પ્રધાન મોદીએ નોવો-ઓગાર્યોવોમાં તેમની યજમાની કરવા બદલ રાષ્ટ્રપતિ પુતિનનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું, અમે આવતીકાલની અમારી મંત્રણાની પણ આતુરતાથી રાહ જોઈ રહ્યા છીએ, જે ચોક્કસપણે ભારત અને રશિયા વચ્ચે મિત્રતાના બંધનને વધુ મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

# બિહાર અને યુપીમાં ફાયનાન્સ કંપનીઓ નાની લોન આપવા પર રોક લગાવે: આરબીઆઈએ આપી ચેતવણી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આરબીઆઈએ બિહાર અને યુપીમાં નાની લોનનું વિતરણ કરતી માઇક્રો ફાઇનાન્સ કંપનીઓ અને નોન-બેંકિંગ સંસ્થાઓને ચેતવણી આપી છે. આરબીઆઈએ તેમને બંને રાજ્યોમાં લોન વિતરણની ગતિ ધીમી કરવા કહ્યું છે.




આરબીઆઈએ આશંકા વ્યક્ત કરી છે કે બંને રાજ્યોમાં લોકોને આડેધડ આપવામાં આવી રહેલી લોન નાદાર થઈ શકે છે, કારણ કે બેંકો પાસે આ લોન સામે કોઈ ગેરેંટી નથી, જ્યારે બંને રાજ્યોમાં લોન લેનારાઓની સંખ્યા વધુ છે.

બિહારમાં ૪૦થી વધુ માઈક્રો ફાઈનાન્સ કંપનીઓ છે. આરબીઆઈની એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે દેશમાં વહેંચાયેલી કુલ નાની લોન (માઈક્રો ફાઈનાન્સ)માંથી ૨૫.૩૦ ટકા આ બે રાજ્યોમાં આપવામાં આવી છે.

આ લોન તે મહિલાઓને આપવામાં આવશે. જેઓ ઓછી આવક ધરાવે છે. આનો અર્થ એ થયો કે જો લોન નાદાર થઈ જાય, તો બેંકો પાસે વસૂલાતનું કોઈ સાધન રહેશે નહીં, કારણ કે આ લોન સામે ગેરંટી લેવાની કોઈ જોગવાઈ નથી.

# રાજકોટ પૂર્વ વિસ્તારમાં આવેલી સરકારી ખરાબાની અંદાજિત રૂ.૫૦ કરોડની કિંમતની સરકારી જમીન ખાલી કરાવાઈ







**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ સરકારી ખરાબાની જમીન ઉપર ગેરકાયદે બાંધકામ કરાયેલા કોમર્શિયલ બાંધકામોનું ડિમોલીસન કરીને જગ્યાઓ દબાણ મુક્ત કરવામાં આવી રહી છે.

આજ રોજ રાજકોટ શહેર પૂર્વ વિસ્તારમાં આવેલ સરકારી ખરાબાની જમીન સર્વે નં. ૫૩/૨ પૈકી ૩ ની શ્રી સરકાર થયેલી યુ.એલ.સી.ની ફાજલ થયેલી કુલ ૨૨,૫૬૧ ચોરસ મીટર જમીનની કિંમતી જગ્યા ઉપર ગેરકાયદે બાંધકામ કરાયેલા કુલ ૧૫ કોમર્શિયલ દબાણો દૂર કરવામાં આવ્યા છે. આ જગ્યામાં એક હોટલ, પાંચ ચાની હોટલ, એક પંચરની કેબીન, ચાર પાનની કેબીન, પાંચ સીઝન સ્ટોર, એક બોક્સ ક્રિકેટ જેમાં ૬ સિમેન્ટની પાકી પીચ, એક કાર વોશ સેન્ટરનું ડિમોલીસન કરવામાં આવ્યું હતું. અંદાજિત રૂ ૫૦ કરોડની કિંમતની ૨૨,૫૬૧ ચોરસ મીટર જેટલી સરકારી જમીન ખાલી કરાવવામાં આવી છે.

આ તકે રાજકોટ શહેર(પૂર્વ) મામલતદારશ્રી એસ. જે. ચાવડા એ કહ્યું કે, આ જગ્યાના દબાણકર્તાઓને અગાઉ પણ નોટીસ પાઠવવામાં આવી હતી. અનઅધિકૃત કબ્જો ખાલી કરવા ૭ દિવસનો સમય આપવામાં આવ્યો હતો પરંતુ તેઓએ ધ્યાને ન લેતા ગેરકાયદે થયેલા બાંધકામોને ખાલી કરવા ડિમોલીશન હાથ ધરવામાં આવ્યું છે. ખાલી કરાયેલી જમીન પર ફરીવાર દબાણ ના થાય તે માટે આ જમીનના ફરતે ફેન્સિંગ કરવામાં આવશે.

ડિમોલીસન સમયે સર્કલ ઓફિસર શ્રી સત્યમ શેરસીયા, નાયબ મામલતદાર શ્રી સરફરાઝ મલેક, તલાટી શ્રી ધારાબેન વ્યાસ, રેવન્યુ વીભાગના કર્મચારીઓ, પોલીસ, ફાયર અને પી.જી.વી.સી.એલના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સરકારી ટેલિકોમ કંપની BSNLએ આકર્ષક નવા રિચાર્જ પ્લાન રજૂ કરતાં યુજર્સમાં આવકાર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પ્રાઈવેટ ટેલિકોમ કંપનીઓના રિચાર્જ પ્લાન મોંઘા થયા હોવા છતાં સરકારી ટેલિકોમ કંપની BSNL સોશિયલ મીડિયા છવાયેલી જોવા મળે છે. સરકારી કંપનીએ હાલમાં જ કેટલાક નવા રિચાર્જ પ્લાન રજૂ કર્યા છે, જે યુઝર્સ ખૂબ જ પસંદ આવી રહ્યા છે. થોડા દિવસ પહેલા કંપનીએ ૮૪ દિવસનો રિચાર્જ પ્લાન લોન્ચ કર્યો છે, જે ખાનગી ટેલિકોમ કંપનીઓના પ્લાનની સરખામણીમાં ૫૦ ટકા સસ્તો હતો. આ પ્લાનમાં હાઈ સ્પીડ ડેટા અને અનલિમિટેડ વોઈસ કોલિંગ સાથે ઘણા બેનિફિટ્સ ઓફર કરવામાં આવી રહ્યા છે.




સરકારી ટેલિકોમ કંપનીનો આ રિચાર્જ પ્લાન STV599 તરીકે ઓળખાય છે. આ સ્પેશિયલ ટેરિફ વાઉચરમાં યુઝર્સને ૮૪ દિવસની વેલિડિટી આપવામાં આવી રહી છે. ૫૯૯ રૂપિયાનો આ રિચાર્જ પ્લાન દરેક ટેલિકોમ ઝોન માટે ઉપલબ્ધ છે. દિલ્હી અને મુંબઈના લોકો સિવાય દેશભરના દરેક ટેલિકોમ સર્કલના યુઝર્સ તેનો લાભ લઈ શકે છે.

આ પ્લાનમાં દરરોજ 3GB ડેટા મળે છે. આ પ્લાનમાં યુઝર્સને 252GB ડેટા મળે છે. આ સાથે યુઝર્સને દેશભરમાં કોઈપણ ટેલિકોમ નેટવર્ક પર અમર્યાદિત વોઇસ કોલિંગ અને દરરોજ ૧૦૦ મફત SMSનો લાભ પણ મળશે. જિયોના 3GB દૈનિક ડેટા સાથેના રિચાર્જ પ્લાનની કિંમત પહેલા ૯૯૯ રૂપિયા હતી, જે હવે કંપનીએ તેની કિંમત વધારીને ૧,૧૯૯ રૂપિયા કરી દીધી છે. ઇજ્ઞાક યુઝર્સને આ તમામ લાભ અડધી કિંમતે મળી રહ્યો છે.

BSNL ટૂંક સમયમાં સમગ્ર દેશભરમાં 4G સેવા લોન્ચ કરવા જઈ રહી છે. કંપનીએ આ સેવા ચેન્નાઈ ટેલિકોમ સર્કલ માટે શરુ કરી છે. અને તેના માટે કંપનીએ ૧૦ હજારથી વધુ નવા 4G ટાવર લગાવવાનું કામ પૂર્ણ કરી દીધુ છે. સરકારી ટેલિકોમ કંપની હવે તેમના યુઝર્સને હવે પત્રદ્ધ તૈયાર સિમ કાર્ડ ઓફર કરી રહી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તાજેતરમાં "BSNL ki Ghar Wapsi" હેશટેગ સાથે ૪૫ હજારથી વધુ પોસ્ટ શેર કરવામાં આવી હતી. જે યુઝર્સમાં ટ્રેન્ડ થઈ છે.

# મિડલ ક્લાસને રાહત મળશે કે નહીં? બજેટમાં આવકવેરા પર નિર્ણય લઈ શકે છે સરકાર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નાણા મંત્રી નિર્મલા સીતારમણ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સામાન્ય બજેટ ૨૩ જુલાઈએ રજૂ કરવા જઈ રહ્યા છે, ત્યારે આ બજેટ પાસે દેશના પગારદાર વર્ગને ઘણી અપેક્ષાઓ છે. નિષ્ણાતો એવું પણ માને છે કે જો સરકાર પગારદાર વર્ગને ટેક્સમાં છૂટ આપે તો તેમની ખરીદશક્તિ વધશે. જેના કારણે વપરાશમાં પણ વધારો થશે.




સૂત્રોના જણાવ્યા અનુસાર સરકાર પણ આ અંગે ગંભીરતાપૂર્વક વિચાર કરી રહી છે. બજેટમાં મધ્યમવર્ગને કેન્દ્રિત કેટલાક નિર્ણયો લેવામાં આવી શકે છે.

દેશની આર્થિક પ્રગતિ ઝડપી ગતિએ વધી રહી છે પરંતુ પગારદાર વર્ગની કમાણી ખૂબ જ ધીમી છે. જેના કારણે પગાર આધારિત મધ્યમ વર્ગની ખરીદ શક્તિ ઘટી છે. નાણામંત્રી સીતારમણે અગાઉ પણ કહ્યું હતું કે તેઓ વચગાળાના બજેટમાં આવકવેરા જેવા મોટા મુદ્દા પર નિર્ણય લેવા માંગતા નથી. આવી સ્થિતિમાં, આ વખતે નોકરિયાત વર્ગને સારા સમાચાર મળવાની વધુ આશા છે. તેમને આશા છે કે આ વખતનું બજેટ જીવનનિર્વાહના વધતા ખર્ચમાંથી રાહત આપશે.

રિપોર્ટ અનુસાર, નાણા મંત્રાલય નવા ટેક્સ રિજીમ હેઠળ સ્ટાન્ડર્ડ ડિડક્શનમાં વધારો કરી શકે છે. તેને ૫૦ હજારથી વધારી રૂ. ૧ લાખ કરી શકે છે. આ સિવાય ટેક્સ સ્લેબમાં પણ મોટા ફેરફારોની અપેક્ષા છે. હાલમાં તે ૫થી ૩૦ ટકાની વચ્ચે છે. આ સાથે ગડ્જટેક્સ સિસ્ટમમાં પણ ફેરફારની અપેક્ષા છે. સરકાર જૂની ટેક્સ વ્યવસ્થા હેઠળ ટેક્સ સ્લેબમાં પણ ફેરફાર કરી શકે છે.

કોવિડ મહામારી બાદ, દેશભરમાં ઘરના ભાડામાં ખૂબ જ ઝડપથી વધારો થયો છે. આ ભાડાના કારણે મધ્યમ વર્ગનું બજેટ ખોરવાય છે. આવી સ્થિતિમાં, હાઉસ રેન્ટ એલાઉન્સ (HRA) કપાતમાં પણ રાહતની અપેક્ષા છે. હાલમાં શહેર પ્રમાણે HRA આપવામાં આવે છે. હૈદરાબાદ અને બેંગલુરુ સહિત ઘણા મોટા શહેરોને પણ મેટ્રો સિટીના દાયરામાં લાવવામાં આવશે જેથી કરીને આ શહેરોમાં કામ કરતા લોકોને પણ દિલ્હી અને મુંબઈની જેમ HRAનો લાભ મળી શકે.

# જામનગરમાં આમરા ગામે કૂવામાં રોટલો પધરાવી વરસાદનો વરતારો મેળવાયો






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના આમરા ગામે કૂવામાં રોટલો પધરાવી વરસાદનો વરતારો જોવાયો, આ વર્ષે સારો વરસાદ થવાના સંકેત જામનગર નજીકના આમરા ગામમાં રોટલાથી વરસાદનો વરતારો જોવાની સદીઓથી વધુ પુરાણી પરંપરા છે. અષાઢ મહિનાના પ્રથમ સોમવારે ગામમાં ભમરિયા કૂવામાં રોટલા પધરાવી, ખેતી પ્રધાન ગામડાના વરસના ભાવિનું અનુમાન નક્કી કરવામાં આવે છે. દરમિયાન આજે ગ્રામજનોની હાજરીમાં પૂજા અર્ચન બાદ આ વિધી સંપન્ન થઇ હતી, અને સારા ચોમાસાના એંધાણ મળ્યા હતા.જામનગર તાલુકાનું અમારા એક એવુ ગામ, કે જ્યાં અનોખી રીતે વરસાદનો વરતારો કરવામાં આવે છે. જામનગર નજીકના આમરા ગામમાં દર વર્ષે અષાઢ માસના પ્રથમ સોમવારે કૂવામાં રોટલો પધરાવી તેની દિશાના આધારે વરસાદનો વરતારો જોવામાં આવે છે. આ દિવસે ગ્રામજનો ગામમાં ઢોલ નગારાની સાથે અને તાલે ઉમટી પડે છે. ગામના સતવારા પરિવારના ઘરે બનેલો બાજરીનો રોટલો, વાણંદના હાથે મંદિર સુધી લઇ જવામાં આવે છે.ત્યાર પછી કુવા કાંઠે આવેલા સતી માતાજીના મંદિરે પ્રથમ પૂજા અર્ચના થાય છે, અને ત્યારબાદ ગામના ભમ્મરિયા કૂવામાં ગામના ક્ષત્રિય પરિવારના સભ્યના હાથે કૂવામાં રોટલો પધરાવાય છે. કૂવામાં પડેલા રોટલાની દિશા પરથી વરસાદ કેવો રહેશે ? તેનું અનુમાન કરવામાં આવે છે. આ વખતે રોટલો કૂવાની વચ્ચોવચ પડી ઇસાન ખૂણા તરફ ગયો હતો. જે અતિ શુભ સંકેત હોવાનું ગ્રામજનોએ જણાવ્યું છે. આ વર્ષે ૧૪ થી ૧૬ આની રહેશે એટલે કે, મોડુ વાવેતર છતાં પાછોતરા વરસાદ સમયે વર્ષે, સારૂ રહેશે અને મબલખ પાક ઉતરશે. તેવો ગ્રામજનોએ આશાવાદ સેવ્યો છે.સમસ્ત ગામના લોકો ભેગા મળીને આ પરંપરાને આખરી રૂપ આપે છે. આ વિધિ પૂર્વે મંદિરની પૂજા કરીને ધજા ચઢાવાય છે. સદીઓ પૂર્વે ખેતરે ભાત લઇને જતી એક મહિલાના હાથમાંથી ચોક્કસ શખ્સે રોટલો ઝુંટવી લીધો હતો. જેને લઇને ગામ ઉપર આફત આવી હતી. આફત નિવારણ થઇ ત્યારથી આ રસમ દર વર્ષે ચાલી આવતી હોવાનું ગ્રામજનો કહે છે.કઇ દિશામાં રોટલો પડે તો સારુ વર્ષ જાય તેની વાત કરવામાં આવે તો કુવામાં પધરાવેલો રોટલો જો પૂર્વ અને ઈસાન દિશામાં પડે તો સારો વરસાદ થાય અને પશ્ચિમ દિશામાં રોટલો પડે તો ઓછા વરસાદ કે દુષ્કાળની સ્થિતિનું અનુમાન કરવામાં આવે છે. દર વર્ષે માન્યતા સાચી પડતી હોવાની ગામ લોકોને શ્રદ્ધા છે. આ વરસે રોટલાની દિશા સારા વરસાદનું સૂચન કરતી હોઇ અને સાથે પાછોતરો વરસાદ આવશે એમ આમરાના ગ્રામજનોએ જણાવ્યું હતું.

# જામનગર પાલિકાની ફુડ શાખા દ્વારા ખાણીપીણીના ધંધાર્થીઓને ત્યાં ચેકિંગ






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પાલિકાની ફુડ શાખા દ્વારા ખાણીપીણીના ધંધાર્થીઓને ત્યાં ચેકિંગ જામનગર મહાનગરપાલિકાના એફ.એસ.ઓ. દ્વારા ધરારનગર -૨ મા આવેલ કોલેરા પોઝીટીવ કેસ બાબતે એફ.એસ.ઓ.ની ટીમ દ્વારા ધરારનગર-૨ મા ખાણીપીણી જેવી કે ગોલા-ગુલ્ફી, સરબત, ઘૂઘરા, ઘૂઘરાની ચટણી, શેરડીનો રસ, બનાવતા ફૂડ બિઝનેશ ઓપરેટરને ત્યાં રૂબરૂ ઇન્સપેક્શન દરમિયાન સ્થળ પર ક્લોરીન મંગાવી પાણીમાં કલોરીનેશન જાળવવા, ખાદ્ય પદાર્થ ઢાંકીને રાખવા, સાફ સફાઈ અને સ્વછતા જાળવવી, હાઇજેનિક કંડીશન મેન્ટેન કરવા, ફરજીયાત નિયમિત પાણીમા કલોરીનેશન અંગે કુલ ૨૫૦ ટેબ્લેટનું વિતરણ કરી સ્થળ પર ક્લોરીનેશન કરવાની કામગીરી કરવામાં આવી હતી.અનેક ખાણીપીણીનાં ધંધાર્થીઓને ત્યાં ચેકીંગ કરવામાં આવ્યુ હતું. જેમાં શિવાલય ફરસાણ (ધરારનગર-૨) માં પાણીમાં કલોરીનેશન જાળવવા ખાદ્ય પદાર્થ ઢાંકીને રાખવા, સાફ સફાઈ અને સ્વછતા જાળવવી, હાઇજેનિક કંડીશન મેન્ટેન કરવા સૂચના આપવામાં આવી હતી. ઉપરાંત દાતારી સમોસા, જાહેર આમલેટ સેન્ટર, કે.જી.એન. ટી સેન્ટર, તાજ હોટલ, નિગાહે કરમ આમલેટ શાહીદી હોટલ, અરહાન રેસ્ટોરન્ટ, પા કોઠાવાળા હોટલ ઇન્ડિયા પાણીપૂરીનો સમાવેશ થાય છે.જામનગર મહાપાલિકાના એફ.એસ.ઓ. દ્વારા અલગ-અલગ વિસ્તારમાં આવેલ ફાસ્ટફૂડ,હોટલ-રેસ્ટોરન્ટ, વગેરે સ્થળો એ રૂબરૂ ઇન્સ્પેક્શન દરમિયાન સાફ સફાઈ અને સ્વછતા જાળવવી,ખાદ્ય પદાર્થ ઢાંકીને રાખવા, હાઇજેનિક કંડીશન મેન્ટેન કરવા, સમયસર પેસ્ટકંટ્રોલ કરાવી લેવા, પેઢીમાં કામ કરતાં કર્મચારીના ફીટનેશ સર્ટીફિકેટ કરવા. તેમજ પ્રિન્ટેડ પસ્તીન વાપરવા અંગે સુચના આપવામાં આવી હતી. જેમાં નીલકંઠ પાણીપુરી (નીલકંઠ મહાદેવ મંદિર ) ને ત્યાં થી ૨૦ લીટર પાણી અને ૨ કિલો બટેટાનો માવો નાશ કરાવા આવ્યો હતો. આશાપુરા ફાસ્ટફૂડ માંથી ૧૮ લીટર પાણી , ૧ કિલો બટેટા માવો, વિજયભાઈ વડાપાઉંમાંથી ૨ લીટર સોસનો નાશ કરવામાં આવ્યો હતો. આશાપુરા ડીશ ગોલા (તળાવ ની પાળ), જય અંબે.સોડા માં સાફ સફાઈ અને સ્વછતા જાળવવી, હાઇજેનિક કંડીશન મેન્ટેન કરવા સૂચના આપવામાં આવી હતી.આશાપુરા ફાસ્ટફૂડ માંથી ૫૦ લીટર પાણી અને ૨૦ કિલો બટેટા નાં માવો.નો અને નીલેશભાઇ (જે આર ફ્લેવર પાણીપુરી ) માંથી ૨૫ લીટર પાણી , ૨ કિલો બટેટા માવો તેમજ એ-વન પાણીપુરી માંથી ૩૦ લીટર પાણી અને ૧૦ કિલો બટેટા માવો નો નાશ કરવા માં.આવ્યો હતો.રાજ્ય સરકારની સુચના મુજબ મીડિયા ના અલગ અલગ માધ્યમ થી મળેલ સમગ્ર ગુજરાત મા જીવાંત અંગે ની ફરીયાદ અનુસંધાને રાજ્ય સરકાર તેમજ ભારત સરકારના એપ્લીકિશનમા હોટલ /રેસ્ટોરન્ટ વગેરે જગ્યા એ એફ.એસ.ઓ.દ્વારા રૂબરૂ ઇન્સ્પેકશન કરી પેસ્ટ કંટ્રોલ સર્ટીફિકેટ , મેડીકલ સર્ટીફિકેટ વગેરે તત્કાલ કરાવી તમામ હોટલ રેસ્ટોરન્ટ ના ઈન્સ્પેકશન રીપોર્ટ ઓફિસ કોમ્પ્યુટર દ્વારા તાત્કાલીક સદર ડોક્યુમેન્ટ ઓફીસિયલ વેબસાઇડ માં. જઇ અપલોડ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી.છે. જેમાં વેજ પેલેટ રેસ્ટોરન્ટ (ત્રણબતી) હાઇકોર્ટના હુકમ અન્વયે પેઢીનું નામ ગુજરાતીમાં લખવું તેમજ જે તેલ નો ઉપયોગ કરતાં હોય તે બોર્ડમાં દર્શાવવું તેમજ પીવાના પાણીમાં કલોરીનેશન કરવું, પ્રસાદમ રેસ્ટોરન્ટ (ભૂમિ પ્રેસ સામે) કલ્પના હોટલ (ત્રણ બતી ) રાજભોગ રેસ્ટોરન્ટ (હોટલ કલાતીત ડી.એસ.પી.બંગલો રોડ ), વિષ્ણુ હલવા હાઉસ, જય ભવાની સ્વીટ અને નમકીન ત્રણ બતી મદ્રાસ હોટલ, હોટલ સેલિબ્રેશન, હોટલ સયાજી, જેઠાલાલ રેસ્ટોરન્ટ, આતિથ્ય રેસ્ટોરન્ટ આરામ રીફ્રેશમેન્ટ, લક્ષ્મી હોટલ એન્ડ નાસ્તા ભુવન, ભાગ્યોદય રાજપુતાના લોજ, ઝમઝમ રેસ્ટોરન્ટ, બ્રાહ્મણીયા લોજ, કાફે પેરેડાઈઝ, યમ્મીસ ફૂડ, ન્યુ સુરેશ પરોઠા હાઉસનો સમાવેશ થાય છે.કૈલાષ ફરસાણ (લીમડા લાઈન) શિવ શક્તિ નાસ્તા ભુવન, જુલેલાલ સ્વીટ માર્ટ, આશનદાસ સ્વીટ માર્ટમાં તેલ વધુ તિપીસી જણાતા ૫ કિલો તેલનો સ્થળ પર નાશ કરેલ છે. ગોર ફરસાણ માટે, ઉમિયા ભજીયા હાઉસ, મયુરી ભજીયા ટાઉન હોલ , માં ટપિસી.નું ચેકીંગ કરાયું હતું. પરેશ ફરસાણ ને અનહાઈઝેનીક બેસન લાડુ/મોતીચૂર લાડુ જણાતા સ્થળ પર ૨૦ કિલો નાશ કરાવેલ છે.

જામનગર મહાનગરપાલિકા ના એફ.એસ.ઓ.દ્વારા દિગ્વિજય પ્લોટ ૬૨ મા આવેલ સસ્પેક્ટ કોલેરા કેસ બાબતે એફ.એસ.ઓ.ની ટીમ દ્વારા દિગ્વિજય પ્લોટ ૬૨ મા ખાણીપીણી જેવી કે લુઝ ડ્રીન્કીંગ વોટર, ચા ની લારી, ફાસ્ટફૂડ, ગોલા-ગુલ્ફી ,સરબત ,ઘૂઘરા ,ઘૂઘરા ની ચટણી, શેરડીનો રસ, બનાવતા ફૂડ બિઝનેશ ઓપરેટરને ત્યાં રૂબરૂ ઇન્સપેક્શન દરમિયાન સ્થળ પર ક્લોરીન મંગાવી પાણી મા કલોરીનેશન જાળવવા ,ખાદ્ય પદાર્થ ઢાંકી ને રાખવા, સાફ સફાઈ અને સ્વછતા જાળવવી,હાઇજેનિક કંડીશન મેન્ટેન કરવા, ફરજીયાત નિયમિત પાણી મા કલોરીનેશન અંગે કુલ ૧૫૦ ટેબ્લેટનું વિતરણ કરી સ્થળ પર ક્લોરીનેશન કરવા ની કામગીરી કરવામાં આવેલ જેમાં જય શ્રી રામ દાલવાડી નેપાણીમાં કલોરીનેશન જાળવવા ખાદ્ય પદાર્થ ઢાંકીને રાખવા સાફ સફાઈ અને સ્વછતા જાળવવી, હાઇજેનિક કંડીશન મેન્ટેન કરવા, તેમજ ૩ કિલો ચટણીનો સ્થળ પર નાશ કરાવેલ છે.

# જામનગરમાં જોખમી મુસાફરી કરાવનારને પોલીસે ભણાવ્યા કાયદાના પાઠ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના કાલાવડ રોડ પર એક બોલેરોના ચાલકે પોતાના વાહનમાં ગેરકાયદે રીતે લોકોને જીવના જોખમે લટકતા રાખી ને મુસાફરી કરાવી હતી,તે જામનગર જિલ્લાના કાલાવડ રોડ પર એક બોલેરોના ચાલકે પોતાના વાહનમાં ગેરકાયદે રીતે લોકોને જીવના જોખમે લટકતા રાખી ને મુસાફરી કરાવી હતી, તે ચાલુ વાહનના અલગ અલગ બે વીડિયો સોશિયલ મીડિયાના માધ્યમથી વાયરલ થયા હતા. જે બન્ને વીડિયોની જામનગરની ટ્રાફિક શાખાએ તપાસ અને ખરાઈ કર્યા પછી બોલેરો ચાલકને શોધી કાઢ્યો હતો, અને તેની સામે દંડકીય કાર્યવાહી હાથ ધરી છે.જામનગરની ટ્રાફિક શાખાને સોશિયલ મીડિયાના માધ્યમથી જાણકારી મળી હતી કે જામનગરના જુદા-




જુદા બે ખાનગી ન્યૂઝ ઓપરેટરો દ્વારા ન્યુઝ ચેનલ મારફતે વીડિયો જારી કરાયા હતા. જેના ભાગ રૂપે ગઈ તા.૨૯/૦૬/૨૦૨૪ના રોજ એક મહિન્દ્રા બોલેરો પીકઅપ વાહનમાં બેફિકરાઇથી અને ગફલતભરી રીતે માનવ જીંદગી જોખમાય તે રીતે આશરે ૧૫ જેટલા પેસેન્જરો વાહનમાં બેસાડેલા હોય, જેમાંથી કેટલાક પેસેજરોને પાછળના ભાગે ઉભા રાખીને તેનો ચાલક ઉપરોક્ત વાહન લઇને કાલાવાડ ગ્રામ્ય પોસ્ટે વિસ્તારના વરૂડીમાતાના મંદીરના પાટીયા પાસેથી પસાર થતો દેખાયો હતો.જે વીડિયોની તપાસ પીએસઆઇ બી.જે.તીરકરે કરી હતી, જે વીડિયોનું ટેકનીકલ એનાલીસીસ કરી વાહનનો નંબર મેળવી વાહન નંબરની માહિતીના આધારે વાહન ચાલકની જાણકારી મેળવી તેનો સંપર્ક કરી પુછપરછ કરતાં વીડિયો સાચો હોવાનું જણાઇ આવ્યું હતું.જે મહિન્દ્રા બોલેરો પીકઅપ વાહન ના રજી નં જી.જે-૧૩- એ.ડબલ્યુ.-૦૯૭૧ ચલાવતા વાહન ચાલકની સામે કાલવાડ ગ્રામ્ય પોસ્ટ મથકમાં બી.એન.એસ. -કલમ-૨૮૧ તથા એમ.વી.એક્ટ કલમ -૧૭૭,૧૮૪ મુજબનો ગુન્હો નોંધાવી કાયદેસરની કાર્યવાહી કરાઈ હતી.

# વાંકાનેરમાં બાઇક ઉપર જોખમી સ્ટંટ કરતા યુવકને મોરબી જીલ્લા ટ્રાફિક પોલીસે કાયદાનું ભાન કરાવ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા ટ્રાફિક પોલીસ ટીમ દ્વારા વધુ એક બાઇક ઉપર જોખમી સ્ટંટ કરતા યુવકને ઝડપી લેવામાં આવ્યો હતો જેમાં વાંકાનેર-પંચાસીયા રોડ રાતીદેવરી ગામ પાસે આવેલ આહોઇ નદીના બ્રીજના રોડ ઉપર બાઇક ઉપર જોખમી રીતે સ્ટંટ કરી રહેલ યુવકનો વિડીયો વાઇરલ થતા મોરબી જીલ્લા ટ્રાફિક પોલીસ ટીમ દ્વારા બાઇક ચાલકને શોધી કાયદાનુ ભાન કરાવ્યું હતું.

મળતી માહિતી અનુસાર સોશિયલ મીડિયાના ઇન્સ્ટાગ્રામ પ્લેટફોર્મ ઉપર એક વિડીયો વાયરલ થયો હતો જેમાં બાઇક ચાલક દ્વારા બાઇક ઉપર જોખમી રીતે સ્ટંટ કરતો હોય જે અન્વયે મોરબી જીલ્લા ટ્રાફીક શાખાના પો.ઇન્સ. કે.એમ.છાસીયા



દ્વારા તાત્કાલીક કાર્યવાહી કરવા સૂચના અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જે વિડીયો વાંકાનેર-પંચાસીયા રોડ રાતીદેવરી ગામ પાસે આવેલ આહોઇ નદીના બ્રીજના રોડ ઉપર એક બાઇક ચાલક પોતાનું બાઇક પુરઝડપે અને બેફીકરાઇથી કાવા મારી સર્પાકારે ઉભા-ઉભા સ્ટંટ કરતો ચલાવી નીકળતા જે વાયરલ થયેલ વિડીયોમાં વાહનના રજી. નં. જીજે-૦૩-એચસી-૮૭૩૬ હોવાનુ જણાય આવતા, તુરત જ બાઈકના રજી.નંબર ઇ-ગુજકોપમાં સર્ચ કરી ડીટેઇલ મેળવી આરોપી સાગરકુમાર અશોકભાઇ વરાણીયા ઉવ.૨૧ રહે.નવાગામ (લખધીરનગર) તા.જી.મોરબીને શોધી કાઢી પુછપરછ કરતા પોતે ગુન્હાની કબુલાત આપતા આરોપી યુવક વિરુદ્ધ વાંકાનેર સીટી પોલીસ મથકમાં ગુનો રજીસ્ટર કરાવી કાયદાનુ ભાન કરાવ્યું હતું.

# માળીયા(મી) પોલીસ મથકમાં એક વર્ષમાં પકડાયેલ વિદેશી દારૂ-બીયરના જથ્થા ઉપર રોડ-રોલર ફેરવાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લાના માળીયા(મી) પોલીસ મથકમાં એક વર્ષ દરમિયાન પકડાયેલા વિદેશી દારૂની નાની મોટી બોટલ તથા બીયરના ટીન મળી કુલ રૂપિયા ૮૨.૦૩ લાખના મુદ્દામાલ ઉપર રોડ રોલર ફેરવી નાશ કરવામાં આવ્યો છે.

મળતી વિગતો મુજબ માળીયા(મી) પોલીસ સ્ટેશનમા વર્ષ ૨૦૨૩-૨૦૨૪ પ્રોહી.ના ગુન્હામાં પકડાયેલ અલગ અલગ ઇગ્લીશ દારૂની નાની-મોટી બોટલો તથા બીયર ટીન મળી કુલ બોટલો નંગ-૩૪૫૪૯ કી. રૂ.૮૨,૦૩,૨૪૫/-ના મુદ્દામાલનો માળીયા(મી)ના ઝખરીયા વાંઢ વિસ્તારમા નાશ કરવામાં આવ્યો હતો. સમગ્ર કામગીરી હળવદ માળીયા વિભાગ મોરબીના સબ ડિવિઝન મેજિસ્ટ્રેટ ધાર્મિક



ડોબરીયા, મોરબી ડિવિઝન નાયબ પોલીસ અધિક્ષક પી.એ.ઝાલા, મોરબી ઇન્ચાર્જ સીપીઆઈ એન.આર.મકવાણા તથા રાજકોટ શાખા નશાબંધી અને આબકારી શાખાના સુપ્રીટેન્ડેન્ટ એસ.આર.મોરી ની હાજરીમાં સમગ્ર જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો.

# ટંકારામાં ઉછીના લીધેલ રૂપિયાની ઉઘરાણી કરી પાંચ શખ્સોએ ઘરમાં ઘુસી જઇ મહિલાઓને મારી નાખવાની ધમકી આપી

## ઘરમાં પુરુષ હાજર ન હોય ત્યારે પરિવારની મહિલાઓને બેફામ ગાળો તથા ધમકીઓ આપતા ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, ટંકારા**

ટંકારમાં રહેતા પરિવારના સગા બે ભાઈઓએ આરોપીઓ પાસેથી ઉછીના રૂપિયા લીધા હોય ત્યારે કોઈ કારણોસર રૂપિયા ચૂકવ્યા ન હોય જેને લીધે રૂપિયાની ઉઘરાણી બાબતે પાંચ શખ્સો દ્વારા ઘરમાં કોઈ પુરુષની હાજરી ન હોય ત્યારે લાકડી લઇ ઘુસી જઇ હાજર પરિવારની મહિલાઓને બેફામ અપશબ્દો બોલી ઉછીના લીધેલ રૂપિયા આપવાનું કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ બાબતે પરિણીતા દ્વારા પાંચ આરોપીઓ સામે ટંકારા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી મુજબ ટંકારના જીવાપરા શેરીમાં રહેતા નશીમબેન અલીભાઇ અકબરભાઇ સોર્હવદી ઉવ-૪૮ એ ટંકારા પોલીસ મથકમાં આરોપી અનુભાઇ કટીયા રહે-મોરબી, જાવિદભાઇ રહે- પડધરીવાળા તથા તેની સાથેના અજાણ્યા ત્રણ ઇસમો એમ કુલ પાંચ આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે આરોપીઓ નસીમબેનના પતિ અલીભાઈ અને તેના દિયર અબુભાઇ પાસે રૂપીયા માંગતા હોય ત્યારે ગત તા.૦૭/૦૭ ના રોજ રાત્રીના ૮ વાગ્યાના અરસામાં ઉપરોક્ત પાંચેય આરોપી નસીમબેનના ઘરમાં લાકડી લઈ ઘુસી ગયા હતા. ત્યારે હાલ નસીમબેનના દિયર અબુભાઈ રાજસ્થાન જેલમા હોય અને નસીમબેનના પતિ ઘરે હાજર ન હોય તે વખતે નસીમબેનને તથા તેમની નણંદો અને દેરાણી ઘરમાં હાજર હોય જેને આરોપીઓ દ્વારા જેમફાવે તેમ ગાળો આપી કહેલ કે પઅલીભાઈએ લીધેલ રૂપીયા પાછા આપી દે જો નહિતર બધાને જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપી હતી જે મુજબની ફરિયાદ નોંધાવતા ટંકારા પોલીસે પાંચેય આરોપીઓ સામે ગુનો દાખલ કરી તમામની અટક કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ટંકારના લજાઈ ગામે પાણીના ખાડામાં ડૂબી જતા સગીરાનું મૃત્યુ નીપજ્યું

**મુખ્ય સમાચાર, ટંકારા**

ટંકારના લજાઈ ગામે વાડી વિસ્તારમાં રહેતા મૂળ એમપીના ખેતશ્રમિક પરિવારની ૧૬ વર્ષીય દીકરીનું વાડીની બાજુમાં આવેલ પાણીના ખાડામાં પડી જવાથી મૃત્યુ નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ ટંકારા તાલુકાના લજાઈ ગામે લજાઈ વાડી વિસ્તારમાં સુરજભાઈ કોટડીયાની વાડીએ રહેતા મૂળ મધ્યપ્રદેશ રાજ્યના ખેત શ્રમિક પરિવારની દીકરી સંગુબેન કાનજીભાઈ મેડા ઉવ.૧૬ સુરજભાઈ અંબારામભાઈ કોટડીયાની વાડીની બાજુમા આવેલ પાણીના ખાડામાં અકસ્માતે પડી જતા સંગુબેનનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે મૃતકની ડેડબોડી ટંકારા સરકારી હોસ્પિટલે લાવતા ટંકારા પોલીસે અ. મોત દાખલ કરી વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

# જામનગર જિલ્લા કલેકટર બી.કે.પંડયાના અધ્યક્ષસ્થાને સૈનિક કલ્યાણ અને પુનઃવસવાટ સમિતિની બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેક્ટર અને પ્રમુખ બી.કે.પંડયા, જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ સમિતિ, જામનગરના અધ્યક્ષસ્થાને સમિતિની ત્રિમાસિક બેઠક અને સેવારત તથા પૂર્વ સૈનિકોની સમસ્યા નિવારણ અંગેની સમીક્ષા બેઠકનું કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.સમીક્ષા બેઠકમાં નિવૃત જવાનોના પરિવારોને રાજ્ય સરકાર તરફથી માસિક આર્થિક સહાય, દીકરી લગ્ન સહાય, સ્કોલરશીપ, અંતિમ ક્રિયા સહાય, યુદ્ધ જાગીર ભથ્થું અને કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવતી વિવિધ સહાયની વિગત અત્રેની કચેરીના યોગેશ સોની, મુખ્ય કારકુને રજુ કરી હતી. તેમજ પુર્વ સૈનિકો તથા મંડળો તરફથી વિવિધ મુદ્દાઓ બાબતે જિલ્લા કલેક્ટર સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.બેઠકમાં જિલ્લા સૈનિક કલ્યાણ અને પુર્નવસવાટ અધિકારી, જામનગરના કમાન્ડર સંદિપ જયસ્વાલ (નિવૃત) એ જણાવ્યું હતું કે, ગત તારીખ ૦૧/૦૪/૨૦૨૪ થી તારીખ ૩૦/૦૬/૨૦૨૪ સુધીમાં ૨૧ પરિવારોને રૂ.૩,૬૬,૦૫૦ ની માસિક આર્થિક સહાય, ૦૧ પરિવારને રૂ.૨૭,૫૦૦ ની દીકરી લગ્ન





સહાય, ૦૪ પરિવારોને અંતિમ ક્રિયા સહાય પેટે રૂ.૪૦,૦૦૦ ની એમ કુલ રૂ. ૪,૩૩,૫૫૦ ની સહાય ચુકવવામાં આવી છે. તેમજ સશસ્ત્ર સેના ધ્વજ દિન ભંડોળ અંગેની વિગતો રજુ કરવામાં આવી હતી.જિલ્લા કલેક્ટરએ પુર્વ સૈનિકો તથા સ્વ.સૈનિકોના ધર્મપત્ની અને તેઓના આશ્રિતોને શ્રેષ્ઠ આરોગ્યલક્ષી સવલતો મળી રહે તે માટેની કાર્યવાહીને પ્રાધાન્ય આપી સરકાર તરફથી લાગુ પડતી તમામ સહાયના લાભો સમયસર લાગુ પડતા તમામ લાભાર્થીઓને મળી રહે તે બાબતની કાર્યવાહી અગ્રતાના ધોરણે હાથ ધરવા સૂચન કરી ઉપસ્થિત સર્વેને માર્ગદર્શન પૂરું પાડયું હતું. આ ઉપરાંત, જામનગરમાં ડિફેન્સ મ્યુઝિયમ બને તે માટે ઝડપથી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ઉક્ત બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, અધિક નિવાસી કલેક્ટર બી.એન.ખેર, ઈન્ડીયન આર્મી, ઈન્ડિયન નેવી અને ઈન્ડિયન એરફોર્સના અધિકારીઓ, હાલાર જિલ્લા માજી સૈનિક મંડળ, એરફોર્સ એસોસીએશન જામનગરના પ્રમુખશ્રીઓ તથા સમિતિના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીના રામધન આશ્રમ ખાતે અષાઢી બીજ નિમિતે ત્રિવિધ કાર્યક્રમ સંપન્ન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના મહેન્દ્રનગર નજીક આવેલ રામધન આશ્રમ ખાતે અષાઢી બીજ નિમિતે ત્રિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

મોરબીના મહેન્દ્રનગર રામધન આશ્રમમાં ૭ જુલાઈને રવિવારે અષાઢી બીજ નિમિત્તે સવારે નેજા ઉત્સવ યોજાયો હતો. સાથે જ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભક્તોએ લાભ લઈ યજ્ઞમાં આહૂતિ આપી હતી. ત્યારબાદ ભક્તો માટે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. અષાઢી બીજ




નિમિત્તે સંતવાણી તેમજ પાટનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અનેક ભક્તોએ ભજન અને ભોજનનો લાભ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા દિલીપભાઈ, કેશીભાઈ, દેવકરણભાઈ, દેવેન્દ્રભાઈ, ત્રિભોવનભાઈ તેમજ સ્વયંસેવક ભાઈઓ-બહેનોએ ભારે જહેમત ઉઠાવી હોવાનું મુકેશ ભગતની યાદીમાં જણાવાયું હતું.

## અવસાન નોંધ

સૌકા નિવાસી હાલ રાજકોટ મનહરલાલ નંદલાલ દવે (ફૂલછાબ) (ઉ.વ.૮૩), તે સ્વ.નરેન્દ્રભાઈ દવે, મુકેશભાઈ દવેના ભાઈ, ચેતન દવે (અબતક, જયહિન્દ), હિમાંશુ દવે (અબતક, કાઠીયાવાડ પોસ્ટ)ના પિતાશ્રી તથા રિધ્ધી તપનકુમાર ઠાકર, વંદન, અંશુલના દાદાનું તા.૮ના અવસાન થયેલ છે. સદ્દગતનું બેસણું તા.૧૧ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન દિપક કોમ્યુનિટી હોલ, રૈયા રોડ, કનૈયા ચોક પાસે, દિપક સોસાયટી રાજકોટ ખાતે રાખેલ છે.



# ભ્રષ્ટ અધિકારી સાગઠીયાના કાર્યકાળ દરમિયાન મંજૂર થયેલી ટીપી સ્કીમ રદ કરવા કોંગ્રેસની માંગ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમા મ્યુનિ. કોર્પોરેશનમા ઈન્ચાર્જ ટી.પી. અધિકારી મનસુખ સાગઠિયા દ્વારા કલ્પનાતીત ભ્રષ્ટાચાર કરવામાં આવેલ છે. આ ભ્રષ્ટ અધિકારીના કારણે રાજકોટ ૨૭ લોકોના મૃત્યુ થયેલ છે. જે બાબતે રાજય સરકારે જુદી-જુદી તપાસ સમિતિઓ બનાવેલ છે. એ.સી.બી.એ. સાગઠિયા વિરુધ્ધ ગુનો દાખલ કરેલ છે. આ કાડની તપાસ કરતી એ.સી.બી. ને અદાજે ૩૦ કરોડની વધારે માલ-મિલ્કત તેમજ રોકડ સોનુ અને દસ્તાવેજો હાથ લાગેલ,



(તસ્વીરઃ આનંદ જાવિયા)

આ પૈસા તેમણે જુઠા-જુદા બિલ્ડરો, જમીનના વેપારીઓ પાસેથી ગેરકાયદેસર ઉઘરાણા કરીને મેળવ્યા છે. અમારુ સ્પષ્ટ પણે માનવું છે કે તમામ પૈસા જે-જે ટી.પી. સ્કીમમા રાજકોટના મ્યુનિ. જનરલ બોર્ડમાં રજૂ કરેલી અને ભ્રષ્ટ સાગઠિયા દ્વારા સાદર રજૂ કરવામાં આવેલ તેમજ તેમના કાર્યકાળ દરમ્યાન જે-જે ટી.પી. સ્કીમો સરકારમાં મોકલવામાં આવેલ તે તાત્કાલી અસરથી રદ કરી તમામ ટી.પી. સ્કીમો રદ કરવી જોઈએ. આવા અનેક પ્રકારના ભ્રષ્ટાચાર ટી.પી. સાગઠીયા દ્વારા કરવામા આવેલ છે. જેમાં મહાનગરપાલિકાના ઉચ્ચ કક્ષાના અધિકારીઓ તેમજ રાજકીય ભારતીય જનતા પાર્ટીના આગેવાનો પણ આમા જોડાયેલા હશે?

વર્તમાન ટી.આર.પી. ગેમઝોનની અંદર તપાસ માત્ર સાગઠિયા પૂરતી જ સિમિત રાખવામાં આવેલ છે. જો આ તપાસને સરકાર દ્વારા ઉંડાણ પૂર્વક તપાસ કરવામાં આવે તો અનેક લોકોના નામ આ ટી.આર.પી, ગેમઝોના ભ્રષ્ટાચારમાં ખૂલે તેમ છે. કારણ કે મનસુખ સાગઠિયાને છાવરવાના અત્યાર સુધી અનેક અધિકારીઓ અને ભારતીય જનતા પાર્ટીના આગેવાનોએ જહેમત ઉઠાવી અને રાજકોટમા એક દાખલો બેસાડવો જોઈએ કારણ કે આવા બનાવ ગુજરાતમાં વારવાર બની રહ્યા છે. ત્યારે કડક કાર્યવાહિ સરકાર દ્વારા નહી થાય તો પ્રજાનો ભરોસો આવી તપાસ સમિતિઓ પરથી ઉતરી જશે. આ ઘટનાને ગભીરતાથી લઈ જે-જે લોકો આમા સામેલ છે. તેની સામે કડકમા કડક કાર્યવાહી કરવામા આવે તેવી રાજકોટ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી હતી.

# રાજકોટમાં પડેલા ભ્રષ્ટાચારના ખાડાને બુરતા કોંગ્રેસના કાર્યકરો

**મુખ્ય સમાચાર, રાજકોટ**





(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટમાં દર ચોમાસામાં અમુક સમસ્યાઓ રિપીટ થાય છે જેમાં વરસાદી પાણી ભરાવું, રોગચાળો ફાટી નીકળવો અને રસ્તા પર મસમોટા ખાડા પડવા આ સમસ્યાથી દરરોજ હજારો વાહનચાલકો હેરાન પરેશાન થઇ રહ્યા છે ત્યારે લોકોની કંમરના મણકા ભાંગી નાખતા ખાડા બુરવાનો નવતર કાર્યક્રમ કોંગ્રેસે આપ્યો હતો.

રાજકોટમાં આમ તો વરસાદ પડતા જ તમામ રાજમાર્ગોનું ધોવાણ થઇ જતું હોય છે ત્યારે હાલ નજીવા વરસાદથી મનપા તંત્રના પાપે અનેક રસ્તાઓની હાલત કફોડી બની ગઈ છે ત્યારે ગોંડલ રોડ ચોકડીથી હુડકો ચોકડી તરફ જતા સર્વિસ રોડ ઉપર એક એક ફૂટના ગાબડાં પડી ગયા છે અહીંયા ઔદ્યોગિક વસાહત હોય દરરોજ હજારો વાહનચાલકો અહીંથી પસાર થઇ રહ્યા છે જે લોકોને ભારે યાતના વેઠવી પડી રહી છે મનપાના સતાધિસોના ભ્રષ્ટાચારનો ભોગ લોકોને બનવું પડી રહ્યું છે કરવેરો ભરતા હોવા છતાં લોકોને કમરના મણકા ભાંગી નાખતા આ રસ્તાઓ ઉપરથી પસાર થવા મજબુર બનવું પડ્યું છે ત્યારે ભ્રષ્ટાચારમાં ગળાડુબ સતાધિસો અને આંખે પાટા બાંધીને નિંદ્રાધીન અવસ્થામાં સુઈ ગયેલ મનપા તંત્રને ઢંઢોળવા માટે કોંગ્રેસ દ્વારા ગોંડલ ચોકડીથી હુડકો ચોકડી સુધીના રાજમાર્ગો ઉપર પડેલા મસમોટા ખાડાઓમાં સ્વખર્ચે માટી અને કપચી નાખી ખાડા બુરવાનું કામ કરી અનોખો વિરોધ નોંધાવ્યો હતો જ્યારે બીજી તરફ દૈનિક આ રસ્તા પરથી ચાલતા વાહનચાલકોએ કોંગ્રેસની આ કામગીરીને બિરદાવી હતી અને હવે વાહન ચલાવવામાં થોડી રાહત થશે તેવું જણાવ્યું હતું.

# હડાળા ગામના પટેલ યુવાનને વ્યાજે નાણાં આપી પિતા-પુત્રએ કરી પઠાણી ઉઘરાણી

## ગૌવરીદડ ગામે ઘેટા-બકરા ચરાવાની ના કહેતા યુવાન પર ભરવાડ બંધુનો હુમલો

**મુખ્ય સમાચાર રાજકોટ**

મોરબી રોડ પર આવેલા હડાળા ગામના યુવાનને વ્યાજે આપેલા નાણા વધુ પડાવવા પિતા-પુત્રએ ધમકી આપતા અને ગૌવરીદડ ગામે વાડીમાં ઘેટા-બકરા ચરાવાની ના કહેતા ભરવાડ બંધુએ યુવાન પર હુમલો કર્યાની કુવાડવા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ મોરબી રોડ પર આવેલા હડાળા ગામે રહેતો અને મિસ્ત્રી કામ કરતો નરેશ મધુભાઈ રાબરીયા નામના પટેલ યુવાને અગાઉ કોઠારિયા ગામના દિલીપ માવજી પરમાર અને તેનો પુત્ર કરણ દિલીપ પરમાર પાસેથી ૫ ટકાના વ્યાજે રૂપિયા દોઢ લાખ લીધા હતા. કટકે-કટકે રૂ.૧.૨૦ લાખ ચુક્વી દીધા હોય છતાં આ બંને વ્યાજખોર પિતા-પુત્ર વધુ રૂપિયા દોઢ લાખ પડાવવા માટે ઘરે આવી ધાકધમકી આપી જાનથી મારી નાખવાની ધમકી આપી પઠાણી ઉઘરાણી કરતા કુવાડવા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. બનાવના પગલે પીએસઆઈ આઈ.એ.ભટ્ટીએ ગુનો નોંધી વ્યાજખોરોને ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

જ્યારે અન્ય એક બનાવમાં મોરબી રોડ પર ભગવતી હોલ સામે આવેલ ઈન્દ્રપ્રસ્થ સોસાયટીમાં રહેતો વસંતભાઈ જાદવભાઈ રંગાણી નામનો પટેલ યુવાન ગઈકાલે ગૌવરીદડ ગામે પોતાની વાડીએ હતો ત્યારે વાડીના રસ્તે વિજયનગર ગામનો નવઘણ ભાદા જાપડા તથા ગોવિંદ ભાદા જાપડાને ઘેટા-બકરા ચરાવવાની ના કહેંતા આ બંને ભરવાડ બંધુ ઉશ્કેરાઈ જઈ લાકડી વડે હુમલો કરી યુવાનને મારમારતા કુવાડવા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

# સિવિલમાં ખાનગી એજન્સીને આપવામાં આવેલી ઓફીસ હટાવવા કામદાર યુનિયનની માંગ

## સિવિલ હોસ્પિટલના ભ્રષ્ટાચાર અને કૌભાંડોની તપાસ કરવા મુદ્દે કામદારોએ કર્યા ધરણા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની સિવીલ હોસ્પિટલના ભ્રષ્ટાચાર અને કૌભાંડોની તટસથ તપાસ કરવા અને આઉટસોર્સ એજન્સીને ફાળવવામાં આવેલ ઓફિસ હટાવવાની માંગણી સાથે રાજકોટ કામદાર યુનિયન દ્વારા ડો. આંબેડકર ચોકમાં ધરણા કરવામાં આવ્યા હતા.

કામદાર યુનિયન દ્વારા એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, બોગસ મેડીકલ સર્ટિફિકેટમાં જવાબદાર એજન્ટો ઉપર તબીબી અધિક્ષક દ્વારા ફોજદારી રાહે કાર્યવાહી કરવામાં આવે અને અન્ય મુદ્દા અંગે તપાસ સમિટીના નાટક કરવામાં આવે છે. આઉટસોર્સ એજન્સીના કર્મચારીઓને નિયમીત પગાર મળતો નથી. આ મામલે અવારનવાર રજૂઆત કરવામાં આવી છે. પરતું પરિણામ શૂન્ય આવેલ છે. તો તા.૧થીપમાં પગાર ચૂકવવામાં આવે.

આઉટસોર્સ એજન્સીના કર્મચારીઓ ભાડાના મકાનમાં રહે છે . તેઓને આવાસ યોજના, વડાપ્રધાન યોજનાના ક્વાર્ટર ફાળવવા માંગણી કરી છે.તેમજ સફાઈ કામદારોને ૧૦ લાખનો વિમો ઉતારવામાં આવે.વર્ગ- કર્મચારીઓને પી.એફ, ગ્રેચ્યુઈટી, ઈ.એસ.આઈનો લાભ આપવા માંગણી કરવામાં આવી છે.

ટ્રેડ યુનિયનના કાયદા મુજબ રાજકોટ કાદાર યુનિયનને ઓફિસની ફાળવણી કરવામાં આવે. તેમજ આઉટસોર્સ એજન્સી એમ.જે. સોલંકીને ફાળવવામાં આછેલ ઓફિસ હટાવવાની માંગણી સાથે કામદાર યુનિયનના કર્મચારીઓએ ધરણા કરી માંગણી કરી છે.

# પૂર્વ મંજુરી વિના તાજીયા-જુલુસ કાઢવા પર પ્રતિબંધઃ જાહેરનામુ બહાર પડાયુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં આગામી તા.૧૬થી ૧૭ જુલાઈ ) દરમિયાન મહોર્રમ (તાજીયા)ની ઉજવણી થનાર છે, ત્યારે આ તહેવારની ઉજવણી સરળતાથી થઈ શકે અને કોઈ અકસ્માત કે દુર્ઘટના ના સર્જાય તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સી.એ. ગાંધી દ્વારા રાજકોટ ગ્રામ્ય-જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ૧૮મી જુલાઈ સુધી પ્રતિબંધાત્મક આદેશ ફરમાવતું જાહેરનામું જારી કરી સક્ષમ સત્તાધિકારીની પૂર્વમંજૂરી મેળવ્યા સિવાય તાજીયાના જૂલુસ યોજવાની મનાઈ ફરમાવી છે.



જાહેરનામા મુજબ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં બેઠક સહિત નવ ફૂટ કરતા વધુ ઊંચાઈના તાજીયા બનાવવા, વેચવા કે જાહેર માર્ગ પર પરિવહન કરવા પર પ્રતિબંધ છે. તાજીયામાં લોખંડના સળીયા કે વીજળી વહન થતી હોય તેવી કોઈ અન્ય વસ્તુ કે પદાર્થનો ઉપયોગ કરવો નહીં. સક્ષમ સત્તાધિકારીની પૂર્વ મંજૂરી મેળવ્યા સિવાય તાજીયાના જૂલુસ કાઢવા નહીં. મંજૂરીમાં દર્શાવેલા રૂટ સિવાય અન્ય રૂટ ઉપર નીકળવું નહીં. મંજૂરીમાં દર્શાવેલી સમય મર્યાદામાં તાજીયા પૂર્ણ કરવાના રહેશે.

તાજીયાના રૂટ પરથી પસાર થતાં સમયે તે વિસ્તારમાં રહેતા વ્યક્તિઓને કોઈપણ પ્રકારે અડચણ કે ત્રાસ કે નુકસાન કે લોકોના જાન કે ?

સ્વાસ્થ્યની સલામતીને નુકસાન થાય તેવું કૃત્ય કરવું નહીં.કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઈ ચિહ્નો કે નિશાનીવાળા તાજીયા બનાવવા, ખરીદવા કે વેચાણ કરવા, કે અન્ય ધર્મના લોકોની લાગણી દુભાય એવું કોઈ વર્તન કરવું નહીં.

સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન અને જી.સી.પી. સી.ના જાહેરનામા મુજબ, રાત્રે ૧૦ થી સવારે ( ૬ સુધી લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ છે. તાજીયા કમિટી દ્વારા જાહેર રસ્તા પર લગાવતા પબ્લિક સ્ટોલ પાસે કચરા પેટી રાખવાની તથા સફાઈ કરાવવાની અલાયદી વ્યવસ્થા આયોજકોએ કરવાની રહેશે. તાજીયામાં લાઈટિંગ (બલ્બ ડેકોરેટિવ ફિટિંગ સિરિઝ લાઇટ વિ.)નો ઉપયોગ કરવામાં આવે, તેનં વાયરિંગ ખુલ્લું રાખવા ઉપર પ્રતિબંધ તેમજ હયાત ચાલુ વીજલાઈનને કોઈપણ ધાતુના પદાર્થ કે લાકડાની કેચી (બામ્બુ) વડે ઊંચા કરવા પર પ્રતિબંધ ફરમાવી તાજીયાના રૂટ પર આવતા લાઇટના પોલ વીજવાયર ) થાંભલા તેમજ વાયરિગને નુકસાન થાય તેવા ) કૃત્ય નહીં કરવા હુકમ કરી રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ સિવાય જિલ્લા-ગ્રામ્યમાં આ( જાહેરનામું ૧૮મી જુલાઈ સવારે ૬-૦૦ કલાક ( સુધી અમલી રહેશે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# કસ્ટોડીયલ ડેથ મામલે કમિશનરને અનુ. જાતિ આયોગની નોટીસઃ ૧૫ દિવસમાં રીપોર્ટ કરવા આદેશ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ, દિલ્હી દ્વારા રાજકોટમાં થયેલા કસ્ટોડિયલ ડેથના મુદ્દે રાજકોટ શહેર પોલીસ કમિશનરને નોટિસ આપી ૧૫ દિવસમાં કેસની તમામ વિગતો સાથેનો વિગતવાર અહેવાલ પાઠવવા જણાવ્યું છે. જો સમય મર્યાદામાં અહેવાલ નહીં મળે તો જવાબદાર અધિકારી સામે સમન્સ કાઢવામાં આવશે તેમ આયોગે નોટિસમાં જણાવ્યું છે.

આ અંગેની માહિતી મુજબ માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં હમીરભાઈ રાઠોડ અને રાજુભાઈ સોલંકી નામના વ્યક્તિઓને પોલીસ દ્વારા ગેરકાયદેસર ધરપકડ કરી કોઈ ગુના વગર પોતાના કબજામાં લઈ ઢોર માર મારતા બન્નેના ચાલુ સારવાર દરમિયાન હોસ્પિટલમાં મૃત્યુ થયાં હતાં. જેમાં એક પોલીસમેન અશ્વિન કાનગડની ધરપકડ કરવામાં આવી છે. જે હાલ જેલ હવાલે છે. ૯ એપ્રિલની રાત્રે માલવિયાનગર પોલીસે જયારે રાજુ ભાઈનાં ઘરે આવી હતી. રાજુ ભાઈનું પુત્ર બોલાવા જતા હમીરભાઈ જ સમગ્ર મામલામાં સમાધાન કરાવવા ગયા હતા. જ્યાં પોલીસે તેમની વાત સાંભળવાને બદલે લોકોની સામે જ તેમને માર માર્યો હતો. એ પછી તેમને પોલીસ સ્ટેશન લઈ ગયા હતા અને ત્યાં કસ્ટડીમાં ઢોર માર માર્યો હતો અને અર્ધબેભાન થઈ ગયા બાદ તેમને છોડી મૂક્યા હતા.

બીજા દિવસે તેમનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજયું હતું. હમીરભાઈનાં મોતને હજુ ૧૦ દિવસ માંડ થયા હશે. ત્યાં તેમના મિત્ર રાજુ ભાઈનું પણ મૃત્યુ થયું હતું. પોલીસના મારથી બંને યુવાનોના મોત થયાની ઘટનાથી ભારે ચકચાર મચી ગઈ હતી. બાદમાં પોલીસે જવાબદાર પોલીસમેનની ધરપકડ કરી હતી.

# પડધરી પાસે વિદેશી દારૂનું કટીંગ થાય તે પહેલાં પોલીસ ત્રાટકી

## પોલીસે ૬૩૬ બોટલ દારૂ સાથે ત્રણ શખ્સોની ધરપકડ કરી બે કાર સહિત કુલ રૂા.૧૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પડધરી નજીક વિદેશી દારૂનું કટીંગ ચાલતું હોવાની પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે છાપો મારી બે લાખની કિંમતના ૬૩૬ બોટલ વિદેશી દારૂ સાથે ત્રણ શખ્સોની ધરપકડ કરી બે કાર કબ્જે કરી છે.



આ અંગેની માહિતી મુજબ પડધરીના હરી પર ખારી ગામે આજીનદીનાપટમાં વહેલી સવારે વિદેશી દારૂનું કટીંગ ચાલતું હોવાની પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડયો હતો. જેમાં વિદેશી દારૂ ભરેલી બોલેરો કાર અને સિસ્વિફ્ટ કાર મળી આવી હતી. પોલીસે પડધરી રેલવે સ્ટેશન પાસે રહેતા વિશ્વરાજસિંહ ભૂપતસિંહ સરવૈયા વિછિયાના જયદીપ બહાદુરભાઈ બોરીચા અને ધોરાજી તાલુકાના ભાડેર ગામના ક્રિપાલસિંહ જયવંતસિંહ વાઘેલાની ધરપકડ કરી હતી.

પોલીસે જુદી જુદી બ્રાન્ડની બે લાખની કિંમતની ૬૩૬ બોટલ વિદેશી દારૂ ૧૮ હજારની કિંમતના ૪ મોબાઈલ ફોન અને ૮ લાખની કિંમતની બોલેરો અને સિસ્વિફ્ટ કાર મળી કુલ ૧૦,૦૩,૧૬૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.આ દરોડાની કાર્યવાહી પડધરીના પીએસઆઈ જી.જે. ઝાલા, ભગીરથસિંહ જાડેજા, યુવરાજસિંહ ગોહિલ, દશરથસિંહ જાડેજા, જિતેન્દ્રસિંહ જાડેજા, વસ્તાભાઈ અને સાગરભાઈ સહિતના સ્ટાફે કરી હતી.

# જંગલેશ્વરના રીક્ષા ચાલકને શખ્સે પાઈપથી ફટકાર્યો

## અગાઉ ભાડે રિક્ષા ચલાવતો તેનો અકસ્માત કરેલ છે તેના પૈસા માગી માર માર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ તા. ૮ શહેરના જંગલેશ્વરમાં રહેતો રીક્ષા ચાલક યુવાન એસ.ટી. બસ સ્ટેન પાસે હતો ત્યારે શખ્સ પાઈપ વડે હુમલો કરી માર મારત તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે જાણવા મળતી વિગત મુજબ જંગલેશ્વરમાં અંકુર સોસાયટીમાં રહેતો સરફરાજ અજીતભાઈ શેરુકા (ઉ.વ.૩૦) નામનો યુવાન આજે



સવારે એસટી બસસ્ટેશન પાસે હતો ત્યારે મકસુર પીંજારાએ ઝઘડો કરી પાઈપ વડે હુમલો કરતા તેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે. પ્રાથમિક તપાસમાં અગાઉ તેઆરોપી મકસુર પીંજારાની રીક્ષા ભાડે ચલાવતો હતો તે રીક્ષાનો અકસ્માત કર્યો છે. જેના રૂા. ૨૦૦૦ આપે તેમ કહેતા સરફરાજે મે કોઈ અકસ્માત કર્યો નથી તો કેમ પૈસા આપું તેમ કહેતા જાનથી મારી નાખવાની ધમકી આપી માર માર્યો હતો. આ અંગે એ ડીવીઝન પોલીસ વધુ તપાસ હાથ ધરી છે.

# આરટીઓની લર્નિંગ લાયસન્સની પરીક્ષામાં નિયમો હળવા કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લર્નિંગ લાઈસન્સ માટે લેવામાં આવતી ઓનલાઈન પરીક્ષામાં ૧૫માંથી ૯ પ્રશ્નો સાચા હશે તો ઉમેદવાર પાસ ગણાશે. જેકે હમણા સુધી ૧૫માંથી ૧૧ પ્રશ્નો સાચા હોય તો જ ઉમેદવારને પાસ ગણાતા હતા. રાજ્યના વાહન વ્યવહાર વિભાગે ઉમેદવારોને સરળતા રહે તે હેતુથી લર્નિંગ લાઈસન્સ માટેની પરીક્ષાના નિયમો થોડા હળવા કર્યા છે. પરીક્ષા ઓનલાઈન મોડમાં હોવાના કારણે ઓછું ભણેલા લોકોને પરીક્ષામાં મુશ્કેલી પડતી હતી. આ અંગે કમિશનર કચેરી ખાતે રજૂઆતો આવતી હોવાના કારણે નિયમોમાં છૂટછાટ કરવાની ફરજ પડી છે. આરટીઓના અધિકારીએ જણાવ્યું કે આઈટીઆઈ દ્વારા લેવાતી લર્નિંગ લાઈસન્સની પરીક્ષા ઓનલાઈન મોડમાં જ લેવામાં આવે છે. તેના કારણે ઘણી વખત એવું બનતું હતું કે ઉમેદવારને વાહન ચલાવવામાં ફાવટ હતી પરંતુ માત્ર ઓનલાઈન પરીક્ષા હોવાના કારણે નાપાસ ગણાતો હતો. આ પરીક્ષાનો મુખ્ય હેતું છે કે વાહન ચાલકોને ડ્રાઈવિંગ વિશે બેઝિક જ્ઞાન હોય અને વાહન સરખી રીતે ચલાવતા આવડતું હોય તેવા ઉમેદવારોને લાઈસન્સ આપવામાં આવે. વિવિધ ઉમેદવારો તરફથી આવતી રજૂઆતના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. વાહન ચાલકની મુખ્ય દક્ષતા તો ડ્રાઈવિંગ ટેસ્ટ વખતે જાણી શકાય છે. આ નિર્ણયના કારણે ઓછા ભણેલા ઉમેદવારો અને અભણ ઉમેદવારોને લર્નિંગ લાઈસન્સ મેળવવામાં સરળતા રહેશે.

# મોરબીના મચ્છુ-૩ ડેમનો એક દરવાજો ખોલવામાં આવતા હેઠવાસના ગામોને કરાયા એલર્ટ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી પંથકમાં ગઈકાલે એક સપ્તાહના વિરામ બાદ હવામાન ખાતાની આગાહીને પગલે વરસાદી માહોલ જામ્યો હતો. ત્યારે મોરબીના જુના સદુળકા ગામ પાસે આવેલ મચ્છુ-૩ સિંચાઈ યોજનામાં ફુલ લેવલ મુજબ પાણી ભરાઈ જતા તેમજ હજુ પાણીની આવક ચાલુ રહેતા વધારાના પાણીને નદીમાં છોડવા ડેમનો એક દરવાજો ૩ ઇંચ સુધી ખોલવામાં આવતા હેઠવાસના ગામોને ચેતવણી સંદેશ દ્વારા સાવધ કરાયા છે.


મોરબીના જુના સદુળકા ગામે આવેલ મચ્છુ-૩ સિંચાઈ યોજનાના અધિકારી દ્વારા હાલમાં મચ્છુ-૩ ડેમ ફુલ લેવલ મુજબ ભરાઈ જતા એક દરવાજો ખોલવામાં આવેલ હોય ત્યારે મોરબી તાલુકા તથા માળીયા(મી) તાલુકાના કુલ ૨૧ ગામોને ચેતવણી સંદેશ આપી તકેદારીના ભાગ રૂપે નદીના પટ્ટમાં અવર જવર ન કરવા સૂચના આપવામાં આવી છે.

# મોરબીમાં પાલિકાના ઢંગધડા વિનાના વહીવટીતંત્રને લઈ ઘરોમાં વીજ જોડાણ ન મળવા બાબતે ઉર્જા મંત્રીને રજુઆત

## છેલ્લા પાંચ વર્ષથી બાંધકામની મંજૂરી ન આપી રહેલી પાલિકાના પાપે નવા બનતા ઘરોમાં વિદ્યુત બોર્ડ દ્વારા વીજ કનેક્શન આપવાની ચોખ્ખી 'ના'

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં શ્રમીક અને મધ્યવર્ગના લોકોને બનાવેલ નાના મકાનને લાઇટ-પાણીની સુવિધા આપવા બાબતે રાજ્યના ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈને જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ દ્વારા લેખિત રજુઆત કરવામાં આવી છે. આ સાથે લેખિત રજૂઆતની એક એક નકલ મુખ્યમંત્રી, મોરબી ધારાસભ્ય તથા જીલ્લા કલેક્ટરને પણ આપવામાં આવી છે.



મોરબી ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઈ મહેતા દ્વારા લેખિત રજુઆતમાં જણાવ્યા અનુસાર મોરબીમાં છેલ્લા પાંચ વર્ષથી કોઇપણ મકાન નવા બનાવવા માટે નગરપાલીકા મંજુરી આપતી નથી ત્યારે હાલ રાજકોટ અગ્નિકાંડ બન્યો પછી સરકાર કડકાઈ કરે છે પણ હવે પરીસ્થીતી એવી છે કે મોરબી કલેકટરે પરીપત્ર કરીને જી.ઈ. બી.ને જણાવેલ છે કે બાંધાકમની મંજૂરી વગર વીજ કનેકશન આપવા નહીં, ત્યારે મોરબી ઔદ્યોગીક નગરી છે અહીંના શ્રમીકો અને મધ્યમ વર્ગના લોકોએ સીંગલીયા મકાન લીધા છે પણ જી.ઈ.બી. કનેકશન આપવાની ના પાડે છે

હાલ મોરબીમાં છ-સાત માળની બિલ્ડીંગ હોય તો તેમાં ફાયર સેફટીની જરૂરત છે પરંતુ મધ્યમ વર્ગના લોકો જે સામાન્ય મકાનમાં રહે છે તેની સ્થતી શું ? મોરબીમાં ઘણી જગ્યાએ મકાન બની ગયા છે અને તેમાં હાલે આવી ગરમીમાં માણસો વગર લાઈટ રહે છે. હાલ મોરબી નગરપાલિકાના વહીવટી તંત્ર દ્વારા બાંધકામની કોઈ મંજુરી મળતી નથી. ત્યારે શ્રમિક અને મધ્યમ વર્ગના લોકોએ ટુંકા પગારમાં લોન ઉપર મકાન લીધુ હોય અને લાઇટ કનેકશન મળે નહીં તો યોગ્ય ના કહેવાય. જાણવા પ્રમાણે હાઇકોર્ટ પણ જણાવે છે કે કોઈપણ વ્યકિતનું મકાન બને એટલે તેને પાણી-લાઇટની સુવિધા આપવી તે સરકારની ફરજ છે તો નાના મજુર માણસના મોરબીમાં જે મકાન બની ગયા છે તે તમામને લાઈટ કનેકશન આપવા માંગણી સાથે રજુઆત કરવામાં આવી છે.

# જામનગર શહેરમાં રીક્ષામાંથી રોકડ-મોબાઈલની ચોરી કરનારની અટક

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં રીક્ષામાંથી રોકડ અને મોબાઇલની ચોરી થઇ હતી જેનો ભેદ એલસીબીએ ઉકેલી નાખ્યો છે અને સનસીટીમાં રહેતા એક શખ્સને મુદામાલ સાથે પકડી પાડયો છે.



જામનગરના રાંદલનગર વિસ્તારમાં રહેતા જયાબા ટપુભા જાડેજા (ઉ.વ.૬૭) નામના વૃધ્ધા તા. ૪ના રોજ રીક્ષામાં બેસી ઘરે જતા હતા, વિકાસગૃહ રોડ પર વાયર અને નળ લેવા દુકાને જતા અને પોતાની પાસે રહેલી થેલી જેમાં એક મોબાઇલ અને પાંચ હજારની રોકડ, પાકીટ રાખેલ હતું દરમ્યાન અજાણ્યો રીક્ષાચાલક ચોરી કરીને લઇ ગયાની સીટી-બીમાં ફરીયાદ કરી હતી.જામનગર શહેરમાં દાખલ થયેલ અનડીટેકટ ગુના શોધી કાઢવા સુચના કરવામાં આવતા એલસીબી દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી, સ્ટાફના દિલીપભાઇ, હિતેન્દ્રસિંહ, કાસમભાઇને મળેલ હકીકત આધારે જામનગરના નાગનાથ સર્કલ પાસેથી ચોરી કરવામાં સંડોવાયેલ આરોપી મોરકંડા રોડ, સનસીટી-૨ ખાતે રહેતા આસીફ અલી મકરાણીના કબ્જામાંથી ચોરીમાં ગયેલ રોકડ ૫૦૦૦ અને ૧૦૦૦ની કિંમતો મોબાઇલ તથા ગુનામા ઉપયોગ કરેલ વાસ્પા રીક્ષા મળી કુલ ૫૬ હજારનો મુદામાલ જપ્ત કરાયો હતો, પોલીસે સીટી-બી ડીવીઝનનો ગુનો શોધી કાઢયો હતો.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# કરણપરામાં ઈલેકટ્રીકના વેપારીના બંગલામાં અંદાજે ૧૫ લાખની મત્તાની ચોરી

## એક દિવસ બંધ રહેલા મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું : એ ડિવિઝન પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયા : ફિંગર પ્રિન્ટ નિષ્ણાંત અને ડોગ સ્ક્વોડની મદદ લઈ તસ્કરોનું પગેરૂ મેળવવા પોલીસની ક્વાયત





(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં પોલીસના રાત્રી પેટ્રોલિંગની પોલ તસ્કરોએ ખોલી નાખી છે. ગઈકાલે એક દિવસ બંધ રહેલા કરણપરામાં સિધ્ધાર્થ નામના બંગલમાં તસ્કરોએ પરોણા કરી અંદાજે રૂ.૧૫ લાખની મત્તાની ચોરી કરી ગયાની ઘટના પ્રકાશમાં આવતા ભારે ચકચાર મચી જવા પામી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ શહેરની મધ્યમાં આવેલા કરણપરા શેરી નં.૧૨/૧૫ના કોર્નર પર આવેલ સિધ્ધાર્થ નામના બંગલામાં કોઈ અજાણ્યા ઈસમોએ પ્રવેશ કરી ચોરી કરી ગયાની જાણ ખ્યાતિબેન નામની મહિલાએ શહેર પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરીને જાણ કરાતા એ.ડિવિઝન પોલીસને જાણ કરવામાં આવી હતી. બનાવના પગલે પીઆઈ આર.જી.બારોટ એએસઆઈ આર.એચ.કોડીયાટર તથા રાઈટર સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયા હતા. પોલીસે પ્રાથમિક તપાસ કરતા રૂમમાં આવેલા કબાટમાંથી રોકડા રૂપિયા અને સોનાના દાગીના સહિત અંદાજે રૂ.૧૫ લાખથી વધુની મત્તાની ચોરી તસ્કરો કરી ગયા હોય જેથી પોલીસના ઉચ્ચ અધિકારીઓને જાણ કરવામાં આવતા ડીસીપી ઝોન-૧ તથા ક્રાઈમ બ્રાંચ સહિતનો પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયા હતા. પોલીસે તસ્કરોને પગેરૂ મેળવવા ફિંગર પ્રિન્ટ નિષ્ણાંત અને ડોગ સ્ક્વોર્ડની મદદ લઈ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# ગોંડલના લુણીવાવ ગામની સીમમાં ૪૮૦ બોટલ દારૂ ભરેલી ઈકો કાર ઝડપાઈ




**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલ તાલુકા વિસ્તારમાં વિદેશી દારૂનું વેંચાણ કરતા બુટલેગર સક્રિય બનયા હોવાની હકીકતના આધારે ગોંડલ તાલુકા પોલીસમાં પીએસઆઈ આર.જે.જાડેજા હેડ કોન્સ્ટેબલ રૂપકભાઈ, કોન્સ્ટેબલ રવિરાજસિંહ તથા રણજીતભાઈ ધાંધલ સહિતનો સ્ટાફ ઉમવાડા ગામથી લુણીવાવ ગામ તરફ જવાના રસ્તે પેટ્રોલિંગમાં હતા ત્યારે છાપરવાડી ડેમની ઓફિસ પાસે સરકારી ખરાબાની જમીન પર ઈકો કારમાં વિદેશી દારૂનું કટીંગ થાય તે પહેલા પોલીસે દરોડો પાડતા બુટલેગર કાર રેઢી મુકી નાસી જતા પોલીસે કારની તલાશી લેતા ૪૮૦ બોટલ દારૂ મળી આવતા પોલીસે કાર સહિત રૂ.૪.૫૧ લાખનો મુદ્દામાલ કબજે કરી બુટલેગરની શોધખોળ શરૂ કરી છે.

# માલવિયાનગર વિસ્તારનો નામચીન શખ્સ પાસામાં ધકેલાયો

## ચેક રીટર્ન કેસ અને દારૂના ગુનામાં નાસતા ફરતા બે શખ્સો ઝડપાયા : મોબાઈલ અને દુકાનમાં ચોરી કરનાર ટેણીયાની ધરપકડ






**મુખ્ય સમાચાર રાજકોટ**

માલવિયાનગર વિસ્તારમાં મારામારી, હત્યાની કોશિશ સહિતના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકેલા નામચીન શખ્સને પાસામાં ધકેલી દેવામાં આવ્યો છે.

આ અંગેની માહિતી મુજબ શહેરમાં શરીર સંબંધી ગુના કરવાની ટેવ વાળા ઈસમો વિરુધ્ધ પાસાની કાર્યવાહી કરવા અંગે હુકમ કરાતા માલવિયાનગર પોલીસ મથકના પીઆઈ જે.આર.દેસાઈ, એ.ડી.ગઢવી તથા ડીસીબી શાખાના ઈન્ચાર્જ પીઆઈ એસ.એસ.રાણે સહિતના સ્ટાફે પટેલનગર પાસે મુરલીધર સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતો અને અગાઉ ગંભીર ગુનામાં પોલીસના ચોપડે ચડી ચુકેલા તેજસિંગ ઉર્ફે રુશી પદમસિંગ ઠાકુર નામના નામચીન શખ્સ વિરુધ્ધ પાસાની કાર્યવાહી હાથ ધરી ભુજ જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

જ્યારે ભક્તિનગર પોલીસે ચેક રિટર્નના કેસમાં નહેરૂનગર મેઈન રોડ પર ગુરુકૃપા સોસાયટીમાં રહેતો વિજય અવચર સભાયા નામના શખ્સને પકડી સજાના વોરન્ટની બજવણી કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જયારે ભક્તિનગર પોલીસના વિદેશી દારૂના ગુનામાં ચાર મહિનાથી નાસતો ફરતો હસનવાડીમાં રહેતો વિજય અશોક આત્રેશા નામના શખ્સની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. અન્ય એક ગુનામાં મારૂતિ મોબાઈલ નામની દુકાનમાં ચોરી કરનાર બાળ આરોપી પટેલનગર રાજારામ મંદિર પાસે બગીચામાં હોવાની હકીકતના આધારે ભક્તિનગર પોલીસે દબોચી લઈ આઠ ચોરાઉ મોબાઈલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# એસીબીની કસ્ટડીમાં આપઘાતનું રટણ કરનાર સાગઠીયાએ મૌન સેવી લીધા બાદ જેલ હવાલે કરાયો

## કરોડોનો ભ્રષ્ટાચાર કરનાર સાગઠીયા અન્યોના નામ ઓકશે તેવી આશા ઠગારી નીવડી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

તાલુકા પોલીસમાં નોંધાયેલ અગ્નિકાંડમાં બેદરકારી સબબ ધરપકડ થઈ હતી બાદમાં બોગસ મીનીટસ બુક બનાવવાના ગુનામાં અને એસીબીની તપાસમાં અપ્રમાણસર મિલકત મળી આવતા ત્રીજો ગુનો નોંધાયો હતો ત્રીજા અને કહેવાતા અંતિમ ગુનામાં ૬ દિવસના રિમાન્ડ પુરા થતા સાગઠીયાને જેલહવાલે કરવામાં આવ્યા છે.

રાજકોટ અગ્નિકાંડમાં ભ્રષ્ટાચારની બુ આવતા એસીબીએ તપાસમાં ઝંપલાવ્યું હતું અને રડારમાં રહેલ મનપાના પૂર્વ ટીપીઓ એમ ડી સાગઠીયાની સંપતિની તપાસ કરતા ૨૦૧૨થી ૨૦૨૪ દરમિયાન તેની પાસે આવક કરતા ૪૧૦ ટકા વધુ એટલે કે ૧૩.૨૩ કરોડની સંપતિ મળી આવતા તારીખ ૧૯ જુનના રોજ અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધવામાં આવ્યો હતો દરમિયાન એસીબીએ ગત ૧ જુલાઈને સોમવારે સાંજે જેલમાંથી સાગઠીયાનો કબજો લઈ તેના ભાઈની ઓફિસનું સીલ ખોલી જડતી લેતા તેમાંથી ૧૫ કરોડનું સોનું, ૩ કરોડની રોકડ, ચાંદી-ડાયમંડ જવેલરી, વિદેશી નાણું, ઘડિયાળ સહીતની મતા મળી આવતા કબ્જે લઈ સરકારી તિજોરીમાં જમા કરાવ્યું હતું અને કોર્ટમાં રજુ કરતા કોર્ટે ૬ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા.

એસીબીના સકંજામાં રહેલ સાગઠીયા તપાસમાં અનેક લોકોના નામો ખોલી નાખશે તેવી બીકે તેની સાથે સંકળાયેલા અને પાપમાં ભાગીદાર બનેલા અનેકના જીવ અધ્ધર થઈ ગયા હતા પરંતુ આ છ દિવસ દરમિયાન કસ્ટડીમાં આપઘાત કરી લેવાનું રટણ કરતા સાગઠીયા પાસેથી એસીબી વિગતો મેળવી શકી ન હતી દરેક પ્રશ્નોમાં મૌન સેવી લેતા સાગઠીયાનું ભેદી મૌન તોડાવવામાં એસીબી નિષ્ફળ નીવડી હતી તેના રિમાન્ડ પૂરા થતા કોર્ટમાં રજુ કરતા કોર્ટે જેલહવાલે કરવાનો હુકમ કર્યો છે આ સાથે જ તેણે કોના કહેવાથી, કોના સપોર્ટથી ભ્રષ્ટાચાર આચર્યો તે સહિતની તપાસને પણ પૂર્ણ વિરામ લાગી ગયો છે.

# રૈયાધારમાં શાકભાજીના ધંધાર્થી યુવાનનું હાર્ટએટેકથી મોત

## એકના એક પુત્રના મોતથી પરિવારમાં કરૂણ કલ્પાંત



**મુખ્ય સમાચાર, રાજકોટ**


રૈયાધારમાં શાકભાજીના ધંધાર્થી યુવાનનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું છે. મૃતક યુવાન એક બહેનનો એકનો એક ભાઈ હતો આ બનાવથી એક પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવી દેતા પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે. જ્યારે મંછાનગરના પ્રૌઢનું હાર્ટએટેકથી મોત નિપજ્યું હતું.

આ અંગેની માહિતી મુજબ રૈયાધાર વિસ્તારમાં મચ્છુનગરમાં રાધેશ્યામ ગૌશાળા પાસે રહેતો રવિ જેરામભાઈ કુંવરિયા (ઉ.વ.૩૫) નામનો યુવાન સવારે પોતાના ઘરે હતો ત્યારે અચાનક બેભાન થઈ જતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. પ્રાથમિક તપાસમાં હાર્ટએટેકથી મોત નિપજ્યાનું જાણવા મળ્યું છે. આ અંગે યુનિવર્સિટી પોલીસે પ્રાથમિક કાગળો કરી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાથમિક તપાસમાં મૃતક રવિ એક બહેનનો એકનો એક મોટો ભાઈ હતો અને શાકભાજીનો ધંધો કરતો હતો તેને સંતાનમાં એક પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવથી એક પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવી દેતા પરિવામરાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.

# લોધિકાના વીરવા ગામે ધ્વજા રોહણ દરમિયાન ત્રણ યુવાનને વીજશોક લાગ્યો

## એક યુવાનનું મોત નિપજતા ઘેરો શોકઃ બેને ગંભીર હાલતમાં સારવારમાં ખસેડાયા


**મુખ્ય સમાચાર, રાજકોટ**

અષાઢી બીજના દિવસે શ્રદ્ધાળુઓ દ્વારા રથયાત્રા અને મંદિરોમાં ધજારોહણ કરવામાં આવે છે ત્યારે લોધિકાના વીરવા અને ગોંડલમાં ધજા ચડાવતા ત્રણ યુવકને વિજશોક લાગ્યો હતો જેમાં લોધિકાના વીરવા ગામના યુવકનું મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ લોધીકા તાલુકાના વિરવા ગામે રહેતા ભરત કડવાભાઈ ખુંટ નામનો ૪૧ વર્ષનો યુવાન ગઈકાલે અષાઢી બીજના દિવસે પોતાના ગામમાં આવેલા બાપા સીતારામના મંદિરે ધજા ચડાવતો હતો ત્યારે તેને અકસ્માતે વિજશોક લાગતા યુવકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. પ્રાથમિક પૂછપરછમાં ભરતભાઈ બે ભાઈ ત્રણ બહેનમાં નાના હતા. અને તેને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી હોવાનું જાણવા મળ્યું છે આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં ગોંડલમાં રહેતા ગોપાલ લલિતભાઈ દાવડા (ઉ.વ.૨૭) અને મૂળ જામકંડોળાના વતની અને હાલ ગોંડલના ગુંદાસરા ગામે રહેતા આશિષ તનુભાઈ બારોટ (ઉ.વ.૨૦) બંને બપોરના ગોંડલમાં આવેલ આશાપુરા ફાટક પાસે મામાદેવના મંદિરે ધજા ચડાવતા હતા ત્યારે ગોપાલ દાવડા ધજા ચડાવી પતરા પર રહેલી પ્રસાદી લેવા જતા વિજશોક લાગ્યો હતો જેથી આશિષ બારોટ તેને બચાવવા જતા તેને પણ કરંટ લાગ્યો હતો બંને યુવકને વિજશોક લાગતા બેશુદ્ધ હાલતમાં ઢળી પડયા હતા. બંને યુવકને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મીતાણા ઓવરબ્રિજ ઉપર ટ્રક ચાલકે એકટીવાને ઠોકરે ચડાવતા આશાસ્પદ યુવતીનું મોત

## મોરબીથી રાજકોટ બ્યુટી પાર્લરના ઓર્ડરના કામે આવતી વેળાએ અકસ્માત સર્જાયો

**મુખ્ય સમાચાર, ટંકારા**

મોરબીથી રાજકોટ બ્યુટી પાર્લરના ઓર્ડરના કામે જતી આશાસ્પદ યુવતીને ટ્રક ચાલકે મિતાણા ઓવરબ્રિજ ઉપર હડફેટે લઈ લેતા અકાળે મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માતની ઘટનામાં ટ્રક ચાલક વિરુદ્ધ મૃતકના નાના બહેને ફરિયાદ નોંધાવતા ટંકારા પોલીસે ગુન્હો દાખલ કરી તપાસ શરૂ કરી છે.



અકસ્માતના બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ મોરબીના રેલવે સ્ટેશન પાછળ રોહિદાસપરા વિસ્તારમાં રહેતા પૂનમબેન જેરામભાઈ શુક્લ ઉ.૧૯ નામની યુવતીએ ટંકારા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા જાહેર કર્યું હતું કે, બ્યુટીપાર્લરનું કામ કરતા તેમના મોટા બહેન અંજલીબેન જેરામભાઈ શુકલને રાજકોટ કામનો ઓર્ડર મળ્યો હોવાથી ગત તા.૭ના રોજ સવારના સમયે પોતાનું મોટર સાયકલ લઈને જતા હતા ત્યારે ટંકારા તાલુકાના મિતાણા ગામના ઓવરબ્રિજ ઉપર

જીજે - ૦૬ - એઝેડ - ૮૬૭૬ નંબરના ટ્રક ચાલકે અંજલીબેનના મોટર સાયકલને હડફેટે લેતા અંજલીબેનને ગંભીર ઈજાઓ પહોંચતા મૃત્યુ નીપજ્યું હતું. બનાવ અંગે ટંકારા પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે.

# ડો.મોનાલી માકડીયાએ સિવિલ સુપ્રિટેન્ડન્ટનો ચાર્જ સંભાળ્યો

## દર્દીઓ માટેની સુવિધા વધારી હોસ્પિટલમાં થતાં ભ્રષ્ટાચાર પર લગામ લગાવશેઃ પ્રથમ વિભાગના દર્દીઓને તપાસી બાદમાં ચાર્જ સંભાળ્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની સિવિલ હોસ્પિટલના સુપ્રીન્ટેન્ડન્ટનો ચાર્જ ડો.મોનાલી માકડીયા દ્વારા ગઇકાલે સંભાળવામાં આવ્યો હતો. ગત.૪ જુલાઈના ઓર્ડર થયા બાદ તેમણે પ્રથમ ચાર્જ સંભાળવા માટે વિચારણા કરી રહ્યાનું જણાવ્યું હતું. બાદ ગઇકાલે ચાર્જ સંભાળી લીધો હતો. અને તેઓએ જણાવ્યું હતું કે, હોસ્પિટલમાં થતાં ભ્રષ્ટાચાર પર લગામ લગાવી દર્દીઓ માટેની મેડિકલ સુવિધાઓમાં વધારો કરવાની કામગીરીને પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવવાનું છે.

સિવિલ હોસ્પિટલના તબિબી અધિક્ષકના ચાર્જમાંથી ડો.આર.એસ. ત્રિવેદીને મુક્ત કરવાનો આદેશ ગત તા.૪ જુલાઈના થયા બાદ ગઇકાલે તબિબી અધિક્ષકની ખાલી પડેલી જગ્યા પર બર્ન્સ એન્ડ પ્લાસ્ટીક સર્જરી વિભાગ વર્ગ-૧ના પ્રાધ્યાપક ડો. મોનાલી માકડીયાએ ચાર્જ સંભાળ્યો છે. તેમની પાસે પીડીયુ મેડિકલ કોલેજના અધિક ડીનનો વધારાનો હવાલો પણ હતો, તેમાંથી તેમને મુક્તિ આપવામાં આવ્યા હતા. જ્યારે માહિતી આપતા ડો. મોનાલી માકડીયાએ કહ્યું હતું કે હોસ્પિટલના વડાની સાથે સાથે બર્ન્સ અને પ્લાસ્ટિક સર્જરી વિભાગના વડા તરીકેની પણ મારી જવાબદારી છે. જ્યારે તેઓએ ચાર્જ સંભાળતા પહેલા રૂટિન સમયે હોસ્પિટલ પહોંચી પોતાની પહેલી ફરજ તેમના વિભાગના દર્દીઓના ઓપરેશનની કામગીરી પુરી કર્યા બાદ તબિબી અધિક્ષકનો ચાર્જ સંભાળવા સંભાળ્યો હતો. પ્રથમ તેઓ તબિબી સુપ્રીન્ટેન્ડન્ટની ખુરશી પર બેસવા રાજી ન હતા. પરંતુ હોસ્પિટલની સ્થિતિ સુધરે, દર્દી ઓને સારામાં સારી સુવિધા સારવાર મળે અને હોસ્પિટલમાં થતાં ભ્રષ્ટાચાર પર લગામ લાગે તે માટે તેઓ ચાર્જ સંભાળવા રાજી થયા હતા.

# વડવાજડી ગામે જુગાર રમતા પાંચ ઝબ્બે : રૂ.૫.૮૮ લાખનો મુદ્દામાલ કબજે

**મુખ્ય સમાચાર રાજકોટ**

કાલાવડ રોડ પર મેટોડા જીઆઈડીસી પોલીસના હેડ કોન્સ્ટેબલ યોગીરાજસિંહ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમીના આધારે વડવાજડી ગામે રહેતો નિલેશ ગોવિંદદાસ નીનામાનાં રહેણાંક મકાનમાં દરોડો પાડતા જુગાર રમતો નિલેશ નીનામાં, અરૂણ નાનજી ચૌહાણ, સુરેશ નાગજી મેર, હકુમતસિંહ ઉર્ફે પપ્પુ કિરીટસિંહ જાલા, જયેશ ઉર્ફે કેતન કાનજી ધ્રાંગશ સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી રોકડા રૂપિયા તથા સ્વીફ્ટ કાર સહિત કુલ રૂ.૫.૮૮ લાખનો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# કુવાડવા રોડ પર શેડમાં જુગાર રમતા સાત શખ્સો ઝડપાયા : રૂ.૭૦ હજારનો મુદ્દામાલ કબજે

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગ્રીનલેન્ડ ચોકડી પાસે કુવાડવા રોડ પર આવેલા શેડમાં જુગાર રમતા સાત શખ્સોને બી ડિવિઝન પોલીસે દબોચી લઈ રૂ.૭૦ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ બી.ડિવિઝન પોલીસના પીએસઆઈ કે.ડી.મારૂ કોન્સ્ટેબલ રાજદિપભાઈ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે ગ્રીનલેન્ડ ચોકડી પાસે પુનમ હોલની બાજુમાં આવેલ શેડમાં કુવાડવા રોડ પર ગુરૂદેવપાર્કમાં રહેતો રામજી રતીલાલ સોજીત્રા નામનો શખ્સ બહારથી માણસો બોલાવી જુગારનો અખાડો ચલાવતો હોવાની હકીક્ત મળતા પોલીસે દરોડો પાડતા જુગાર રમતો રામજી સોજીત્રા, કોઠારિયા રોડ પર અયોધ્યાનગરમાં રહેતો વિપુલ રમેશ ભુત, ગ્રીનલેન્ડ ચોકડી પાસે શિવનગરમાં રહેતો મનોજ નાનજી હાપલીયા, આશોપાલવપાર્કમાં રહેતો કૈલાશ કાનજી રાઠોડ, લક્ષ્મણપાર્કમાં રહેતો ચંદુ નાગજી પેઢડીયા, સેટેલાઈટ ચોક પાસે શ્રીવીલા સોસાયટીમાં રહેતો વિશાલ પ્રવિણ વેકરીયા અને મનસુખ દેવરાજ લીંબાસીયા સહિત સાત શખ્સોની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂ.૭૦૪૨૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.